
મરણોત્તર

સુરેશ હ. જોષી



VISIT…

LANZAROTE Caliente.com

મરણોત્તર

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

સુરેશ હ. જોશી

CONTENTS

૨૦

૨૧

૨૨

૨૩

૨૪

૨૫

૨૬

૨૭

૨૮

૨૯

૩૦

૩૧

૩૨

૩૩

૩૪

૩૫

૩૬

૩૭

૩૮

૩૯

૪૦

૪૧

૪૨

૪૩

૪૪

૪૫

'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ



આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક

પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.


તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.

*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી

આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.


સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોના પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. 'જનાન્તિકે'(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

મરણોત્તર



મરણોત્તર

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – કથાસાહિત્ય

સુરેશ હ. જોશી

સંકલન : શિરીષ પંચાલ

... the novella is based on a single situation and – on the level of plot and characters – remains there. It does not claim to shape the whole of social reality, nor even to depict that whole as it appears from the vantage point of a fundamental and topical problem. Its truth rests on the fact that an individual situation – usually an extreme one – is possible in a certain society at a certain level of development, and, just because it is possible, is characteristic of this society and this level. For this reason the novella can omit the social genesis of the characters, their relationships, the situations in which they act. Also for this reason, it needs no agencies to set these situations in motion and can forgo concrete perspectives. This peculiarity of the novella, which to be sure permits an infinite internal variety from Boccaccio to Chekhov, enables it to appear historically both as a forerunner and rearguard of the great forms; it can be the artistic representative of the Not – Yet or of the No – Longer, of a totality which can be portrayed.

– Georg Lukacs

... What does literary success mean? To be condemned by persons who have not read his works and to be imitated by persons devoid of talent. There are only two kinds of literary glory that are worth winning but the writer who wins either will never know. One is to have been the writer, perhaps a quite minor one, in whose work some great master generations later finds an essential clue for solving some problems; the other is to

become for someone else an example of the dedicated life.

– W. H. Auden

ગુલામમોહમ્મદ શેખ તેમ જ ભૂપેન ખખ્ખરને

મારી ભાષા બોલાતી પ્રજાના ભાવોચ્છ્વાસનો સુદીર્ઘ ઇતિહાસ, એના બદલાતા રહેતા સંકેતોનો ઇતિહાસ, વિસ્તરતી જતી અર્થચ્છાયાઓ – આ બધું મારામાં જગતને સારવી લેવા માટે મને શબ્દો ઘડી આપે છે. એમાં મારા વ્યક્તિત્વની વિશિષ્ટતા ભળી હોય છે. એ મારી અંદર લુપ્ત થઈને રહે છે. એને ફરીથી સજીવન કરીને અનુપ્રાણિત કરવા માટે મારાથી ઇતર એવા બીજા કોઈકની જરૂર રહે છે. એ ભાષાને મારામાં મૂર્ત કરી ત્યારે મારા જ વ્યક્તિત્વના ઇતર અંશ આગળ ચિત્તના નેપથ્યમાં એ બન્યું હતું. આ બીજા ઇતરની સ્થાપના મારામાં રહેલા એ ઇતરને પણ જાણે ફરીથી સજીવન કરી આપે છે. મારી લખેલી કોઈક ભૂતકાળની વાર્તા કે કવિતા હું વાંચતો હોઉં છું ત્યારે તે સમયનો ભાવપુરુષ ફરીથી સજીવન થઈ ઊઠે છે. એ મારો મારી સાથેનો એક નવો પરિચય હોય છે. આવા મારી સાથેના મારા અનેક પરિચયોની શક્યતા પણ ભાષા જ પ્રગટ કરતી હોય છે.

સુરેશ જોષી

૧

અર્ધા પાકેલા મરણનો ભાર લઈને ફરું છું. આથી હાથ લંબાવીને એકદમ કોઈને ભેટી શકતો નથી. બોલતાં બોલતાં વાક્ય ઘણી વાર અર્ધેથી થંભાવી દેવું પડે છે. પછી બાકીનું વાક્ય પૂરું કરવાનો ઝાઝો ઉત્સાહ રહેતો નથી. કોઈ બોલે છે તે પૂરું સાંભળવા પૂરતું ધ્યાન એકાગ્ર કરી શકતો નથી. આ ભારને લીધે જ ચાલ્યા કરું છું. એને લઈને ક્યાંય બેસવાનું બની શકતું નથી. કોઈક વાર હસવા જાઉં છું તો કશોક વિચિત્ર અવાજ માત્ર નીકળે છે. મારી આંખો વડે જ જીવું છું. આંખો બધું જુએ છે, નોંધે છે. પણ કોઈ મારી આંખમાં આંખ માંડીને ઝાઝી વાર જોઈ શકતું નથી. સામા માણસની એવી સ્થિતિ જોઈને હું જ ત્યાંથી ખસી જાઉં છું. આંખની એકોક્તિ અધૂરી રહી જાય છે.

સુધીરના ઘરથી દરિયો અર્ધોએક માઈલ દૂર હશે. એનું ઘર એક નાની ટેકરી પર છે. ટેકરીના ઢોળાવ પર વૃક્ષો ગીચ ઊગેલાં છે. આજુબાજુમાં બીજી વસતિ નથી. હું એને ઘરે પહોંચ્યો ત્યારે મનોજ, સોમી, મૃણાલ, અશોક, રોમા – કોઈ આવ્યું નહોતું. દરિયા તરફ પડતા ઝરૂખામાં જઈને હું ઊભો. હું કોઈની રાહ જોતો નહોતો. દૂરના દરિયાનો આભાસ ચાંદનીમાં ચમકતો હતો. પવનને કારણે મરણના ભારને સંભાળવાનું મુશ્કેલ થઈ પડતું હતું. કશીક વેદનાનો સુસવાટો હું હૃદયના ધબકારમાં સાંભળતો હતો. આવી પળે અંદર રહેલા મરણમાંથી એક વિચિત્ર પ્રકારની વાસ પ્રસરવા માંડે છે. એનું મને ઘેન ચઢે છે. એ ઘેનમાં છતાં જોતો, જાગતો, વેદનાનો સુસવાટો સાંભળતો હું ઊભો હતો.

ત્યાં સાવ પાસે આવીને કોઈક બોલ્યું. ગર્ભમાંના બાળકના હૃદયના ધબકારા જેવો એ અવાજ હતો. એકાએક ચાંદનીમાં એક મુખ ચમકી ઊઠ્યું. મેં પૂછ્યું: 'કોણ મૃણાલ?'

'ના.'

'તો?'

'મેધા.'

હવે એનો અવાજ પાતળા બરફની પતરી જેવો હતો. પ્રકટ થાય તે પહેલાં ચૂર્ણ થઈને વેરાઈ જતો હતો. એ મારી સામે જોતી નહોતી. કોણ જાણે શાથી મને એમ લાગતું હતું કે જાણે હું કોઈ ખંડિયેરની પાસે ઊભો હતો, એની આંખોમાં દીવાલને બાઝેલી લીલના

જેવી સ્નિગ્ધતા હતી, પણ એ દૃષ્ટિ મારી તરફ મંડાયેલી ન હતી. હું ન-હોવાનું એક આછું સરખું બિન્દુ જ કદાચ એને મન હોઈશ. સાચેસાચ એવું લગભગ નિશ્ચિહ્ન બિન્દુ બનવાનું મને ગમે. પણ અર્ધા પાકા મરણનો ભાર ઘૂંટાઈને મને એવી ઘનતાથી લાદે છે કે મારે નિશ્ચિહ્ન બનીને અલોપ થઈ જવું હોય તો ભગવાનના એક પ્રચણ્ડ નિશ્વાસની જરૂર પડે, પણ ભગવાન સુખી છે, અને–

મેધાના શ્વાસ મને ઘેરી વળે છે. કણજીનાં પાંદડાંને મસળતાં જેવી વાસ આવે તેવી એની વાસ છે. એ મારી નિકટ સરે છે. એની કાયાનો મને સ્પર્શ થાય છે. વરસાદમાં નદીના કાંઠાની ભાંગી પડતી માટીના જેવી એની કાયા છે. એના નજીક આવેલા મુખનો ઉત્તાપ મને સ્પર્શે છે. હું કદાચ આત્મરક્ષણ માટે હાથ ઊંચો કરું છું. એ મારા હાથને પકડી લે છે. એને જ્યાં લઈ જવો હોય ત્યાં લઈ જાય છે. હાથની શિથિલતા સામે એની કાયા બળવો કરે છે. મારામાં બેઠેલું ખંધું મરણ હસે છે. એના પડઘા દૂરના દરિયાના આભાસ સુધી વર્તુળો બનીને વિસ્તરે છે. મેધાના પાસે આવેલા મુખથી હું ઢંકાઈ જાઉં છું. એનું મુખ એકાએક ગાઢ વન બની જાય છે. એ વનમાં એક ગુફા છે. એ ગુફાની બહાર કાળું ભીનું અંધારું છે. એ અંધારાની માદક વાસ મને છંછેડે છે.

હું મેધાના કાનમાં જાણે જાદુઈ મન્ત્ર ઉચ્ચારતો હોઉં તેમ કહું છું: 'મેધા.'

એ કણસે છે. એના હાથની આંગળીઓ મારા શરીરમાં નદીના જળમાં ગભરાઈને ભાગતી માછલીઓની જેમ સળવળે છે. મારામાં બેઠેલા મરણથી હું એનું રક્ષણ કરવા ચાહું છું. મારું શરીર એના ઉત્પાતને શાન્તિથી સહે છે. હું કંઈક બોલવા મથું છું. શબ્દ જેવો ઉચ્ચારવા જાઉં છું તેવો જ એ મરણના પંજામાં ઝડપાઈ જાય છે. મારા હોઠ ફરકીને રહી જાય છે. પણ એનો અણસાર વર્તાતાં એ એના હોઠથી એ નહીં ઉચ્ચારાયેલા શબ્દો શોધે છે, ધૂંધવાઈને મારા હોઠને એ કરડે છે.

હું મનમાં ને મનમાં બોલું છું: 'મેધા, જો શાપ કે વરદાન આપવાની મારી શક્તિ હોય તો હું તને શિલામાં ફેરવી નાખું. હું નદી બનીને તને મારા ઊંડાણમાં લઈ જઈ રમાડું, તારામાં નક્ષત્ર થવાની મમતા જગાડું.'

પણ મેધાની કાયાના આર્દ્ર ઉત્તાપની આબોહવામાં હું રૂંધાઈ જાઉં છું. ચંચળ ગતિએ જો દોડી શકાતું હોત તો એક છલાંગ મારીને હું દરિયાકાંઠે પહોંચી ગયો હોત. ઉન્મત્ત પવન થઈને મેધાની આખી કાયાને રણની રેતીની જેમ વંટોળે ચઢાવવાની ઇચ્છા થાય છે. ઉગ્ર સૂર્ય બનીને એને બાષ્પીભૂત કરી નાખવાની ઇચ્છા થાય છે. ખંધું મરણ મારી આ બધી ઇચ્છાને એક ઠંડી ફૂંક મારીને ઉરાડી મૂકે છે. એ મરણને ગૂંગળાવી મૂકવાને હું મેધાના બંને હાથ મારી ડોકની આજુબાજુ ભીડાવી દઉં છું. મેધા પશુની જેમ હાંફે છે. મારી

પકડ ઢીલી પડી જાય છે. વૃક્ષ પાછળ ઢંકાયેલો ચન્દ્ર બહાર નીકળે છે. એના અજવાળામાં એક પડછાયો પાસેની દીવાલ પર દેખાય છે. હું પૂછું છું: 'કોણ, મૃણાલ?'

૨

નીચેનાં વૃક્ષોની છાયા અને પવન – એમની રમત જોઉં છું. કોઈક વાર આશા બંધાય છે કે આ પવન મારા શરીરના બન્ધનને ખોલી નાખશે. પછી હું બહાર નીકળી જઈશ. મારા મરણને મારા શરીરમાં પૂરી દઈશ. પછી ક્યાંક પગલી પાડ્યા વિના ચાલ્યો જઈશ. આકાશમાં જઈને તારાની જેમ ચમકવું નથી, ઈશ્વરને શોધવો નથી. જળમાં જળ થઈને ભળીને વળી સૂર્યના અત્યાચાર સહન કરવા નથી. પવન થઈને આંધળા બની જ્યાં ત્યાં અથડાવું કૂટાવું નથી. અગ્નિ થઈને લપલપ જીભે અકરાંતિયાવેડા કરવા નથી. અન્ધકાર જો સ્વીકારે તો અન્ધકારમાં ભળી જાઉં. પછી કોઈ અન્ધકારને અન્ધકારથી શી રીતે છૂટો પાડે? કહે છે કે ઈશ્વર અન્ધકારના ગૂંચવાયેલાં તન્તુને ઊકેલતાં ઊકેલતાં આંધળો થઈ ગયો છે. હું પણ ઈશ્વરની આંગળીઓ વચ્ચે સંતાકૂકડી રમું, ઈશ્વરને પજવું. કદાચ ઈશ્વરની આંગળી સાથે ઘસાતાં મારામાંથી તેજના તણખા ઝરે, પણ તેથી કરીને હું તેજ બનીને સળગી જવાના પ્રલોભનમાં ફરીથી નહીં ફસાઈ જાઉં.

મારા આ વિચારોને મરણ એની ખંધી નજરે જોતું બેઠું છે. એ હસે છે. એ હસે છે ત્યારે એના દાંત કડકડી ઊઠે છે. એના હસવાનો આંચકો મારા હૃદયને લાગે છે. મારો હાથ છાતી પર જાય છે. કોઈ ત્રસ્ત પંખીને શાન્ત કરતો હોઉં તેમ હાથ પસવારું છું. મારા ગભરુ વિચારો મરણની નજરથી બચવા નાસભાગ કરી મૂકે છે. હું આંખને ઇશારે એમને સ્વસ્થ કરું છું. કોઈ આવતું હોય એવા ભણકારા વાગે છે. હું એ તરફ નજર કરતો નથી. ત્યાં કોઈ આવીને મારો હાથ પકડી લે છે. હું પૂછું છું: ‘કોણ, મૃણાલ?’

3

નીચે ઘણાં માણસોનો અવાજ સંભળાય છે. કોઈ અવાજ વ્હીસ્કીથી તરબોળ છે, કોઈ સિગારેટના ધુમાડામાં લપેટાયેલો છે. મને કશોક જાદુ કરવાનું મન થાય છે: એ અવાજોને પંખી બનાવીને ઉડાવી મૂકું તો? મારા આ તુક્કો જાણીને મારામાં બેઠેલું મરણ મોઢું બગાડે છે. હું એક થાંભલીની ઓથે ઊભો રહીને રાહ જોઉં છું. ના, રાહ તો કોઈની જોતો નથી. થોડી જ વારમાં ઉપરના મોટા ખણ્ડનાં હાંડીઝુમ્મરના પ્રકાશથી બધું ઝાકઝમાળ થઈ ઊઠે છે. બહારનાં વૃક્ષો પર એના પ્રકાશની રેખાઓ હાલે છે. ત્યાં કોઈકના હસવાનો અવાજ સંભળાય છે. એ હાસ્ય જાણે મેં આ પહેલાં સાંભળ્યું હોય એવું લાગે છે. ઘણાં વર્ષો પહેલાં એ સાંભળ્યું હશે, પણ હવે તો મરણ એનાં ગલોફાંમાં સમયને ચગળતું બેઠું છે. એને વીંટળાઈને બેઠું છે સ્મરણ. અજગરની જેમ એની મન્દ નિષ્પલક આંખે સ્થિર થઈને એ ભૂતકાળના ભારને ઉદરસ્થ કરીને બેઠું છે. એની સ્થિર આંખો હું બંધ કરવા મથ્યો છું, પણ મારી નિદ્રાને તળિયે પણ એ આંખો જાગ્યા કરે છે. પગલાં નજીક આવતાં સંભળાય છે. ઉપરનો ખણ્ડ જીવતો થાય છે. એમાંના અસબાબમાં જીવ આવે છે. બહારના ઝરૂખામાં બેઠેલાં કબૂતર પ્રકાશને કારણે અસ્વસ્થ બને છે. એની ઊંઘરાટાયેલી આંખો ઘડીભર ગોળગોળ ફરે છે. પણ થોડાક પડછાયાઓ હજી ભાગી ગયા નથી, તેમાંનો એક હું છું. મને થાય છે કે હું મારી જાતને સંકેલીને ઘરની વળીઓમાં લપાઈ જાઉં. પણ આ મરણની બરડતાને શી રીતે સંકેલવી? પગનાં ઝાંઝર રણકે છે. વાર્તાલાપ સાંભળું છું. અવાજો એકબીજાને પકડવા મથે છે. કોઈનું હાસ્ય ઊંડા ઘામાંથી રેલાતા લોહીની જેમ રેલાઈ જાય છે. એનો રેલો મારા સુધી આવી પહોંચે છે. હું શરીરને વધુ સંકોચીને ઊભો રહું છું, પણ એથી અંદર બેઠેલું મરણ કચવાય છે. સુખ એ વાતનું છે એ હજી અપાણિપાદ છે. એ કાપી નાખેલા વૃક્ષના ઠૂંઠાના જેવું છે. પણ એને આંખો ફૂટી છે. મુખની જગ્યાએ છેદ છે. અવાજોમાંના કોઈક ભારે છે. એનો નીચે પડવાનો થડકારો મારા શરીરમાં સ્પન્દનો જગાડી જાય છે. કેટલાક અવાજો રંગબેરંગી કાગળની પતાકા જેવા ફરફરે છે. કોઈ અવાજ આંધળાના ફંફોસતા હાથ જેવો છે. એનો આકસ્મિક સ્પર્શ થતાં જ હું પૂછી ઊઠું છું: ‘કોણ, મૃણાલ?’

૪

બેચાર લાગણી મરણની નજર ચુકાવીને ભાગી જવા ઇચ્છે છે. હું જોઈ રહું છું: થથરતી કંપતી લાગણીઓ. પોતાનું મોઢું પણ પૂરું કળાવા દેતી નથી. મરણના ઝેરી ઉચ્છ્વાસથી મુક્ત થઈને એ થોડી વાર સ્વચ્છ વાતાવરણની સપાટી પર આવવા ઇચ્છે છે. મારી અને લાગણીઓ વચ્ચેનો તન્તુ હું કોઈક વાર સાંધવા જાઉં છું અને મરણ એ તડ્ દઈને તોડી નાખે છે. એનો તૂટવાનો અવાજ મારા જ્ઞાનતન્તુઓમાં વીજળીના આંચકાની જેમ વ્યાપી જાય છે. આ લાગણીઓ – કેવી કૃશ બની ગઈ છે! નથી એને પોષણ મળ્યું હાસ્યનું કે નથી એને પોષણ મળ્યું આંસુનું. નિર્જન વિસ્તારમાં પડેલી શિલાની જેમ હું મારા ભાર નીચે કચડાતો પડી રહું છું. સૂર્ય મારી સાથે પછડાય છે, ચન્દ્રની કચ્ચરો મને ખૂંચે છે. પવન મારી સાથે ઘસાઈ ઘસાઈને બધું આળું બનાવી દે છે. પણ આવી કોઈક ક્ષણે, ક્યાંકથી પથ્થરમાં જેમ ઉલ્કાનું સ્મરણ જાગે તેમ આ લાગણીઓ જાગી ઊઠે છે ને હું મારી દૃષ્ટિ સામેના સમુદ્રનો આભાસ સજીવ થઈ ઊઠતો જોઉં છું. એ નાની સરખી આંખ બની જાય છે. એમાં માયા છે કે કરુણા, પ્રીતિ છે કે ઉદાસીનતા, પ્રતીક્ષા છે કે ઉપેક્ષા તે હું કળી શકતો નથી. એ મારી સામે જોતી છતાં મને વટાવીને ક્યાંક દૂર જાણે દોડી રહી છે. હું એને રોકી લઈ શકતો નથી, અને એની દૃષ્ટિસીમાની બહાર પણ ચાલી જઈ શકતો નથી, એ આંખ વાચાળ નથી. એની સ્નિગ્ધતા કોણ જાણે શાથી મને સ્પર્શતી નથી. એ આંખમાંથી આંસુની ઝાંય ભૂંસાતી નથી. આવરણને કારણે હું એમાં પ્રવેશી શકતો નથી. મારું પ્રતિબિમ્બ એમાં દેખાતું નથી. કેટલી ભંગુર લાગે છે એ આંખ. જાણે આંગળી અડતાંની સાથે જ ભાંગી પડશે! એ બીકે જ હું એ આંસુની ઝાંયને અળગી કરવાની હિંમત કરતો નથી, અને એથી જ એ આવરણની બહાર રહી જાઉં છું. આટલું આછું સરખું આવરણ જો તૂટે તો કદાચ એ આંખના કિનારા આનન્દની ભરતીથી છલકાઈ ઊઠે, તો કદાચ એ આંખના અતલ ઊંડાણમાં હું સુખથી લય પામી શકું, તો કદાચ આ મરણ ગૂંગળાઈ ઊઠીને મારામાંથી ભાગી જાય. એકાએક મારી પાસેથી પાંખ ફફડાવીને કોઈ પંખી ઊડી જાય છે. મને એનું ભાન થાય તે પહેલાં હું પૂછી નાખું છું: ‘કોણ, મૃણાલ?’

૫

મનોજ મોટો કરોળિયો છે. એના બધા પગ લઈને એ ભાગ્યા કરે છે. એની સ્થિર લાગતી આંખોમાં ઠાવકાઈ નથી, કદાચ ભય છે, કદાચ લુચ્ચાઈ છે. એ બોલે છે તે હું સાંભળતો નથી, પણ લગભગ અદૃશ્ય ચીકણા તન્તુઓને લંબાતા જોઉં છું. એ શેનાથી ભાગે છે? અથવા એ કોની તરફ દોડે છે? ક્યાંક અંધારી બખોલ મળી રહેશે તો એ સ્થિર થઈ જશે, પછી એનું જાળું એ વિસ્તાર્યા કરશે, પછી એમાં ફસાયેલા શિકારની સંખ્યા પણ એ ગણવા નહીં રહે. પછી આ સ્થિરતા પથ્થર જેવી થઈ જશે. હું એના પગ ભાંગી નાખવા ઇચ્છું છું. એની આંખો ફોડી નાખવા ઇચ્છું છું. પણ એ ચીકણા સ્પર્શથી મને જુગુપ્સા થાય છે. એના લંબાતા તન્તુઓથી દૂર રહું છું. સાવધ રહું છું. છતાં એક લોભ થાય છે. એના આ તન્તુઓ વચ્ચે મારામાં રહેલું મરણ જો ગૂંચવાઈ જાય, પછી એ એના જાળામાં ઝૂલ્યા કરે. નહીં એ મુક્ત થાય, નહીં મનોજ મુક્ત થાય – આ સાંભળીને મરણ એનું ખંધું હાસ્ય હસે છે. એ હાસ્યથી સમયનું પડ હાલી ઊઠે છે. બધું અસ્થિર થઈ જાય છે. અરીસો હલાવતાં જેમ બધું ઊંચુંનીચું થઈ જાય, ઊંધુંચત્તું થઈ જાય તેમ મારી ચારે બાજુ બધું હાલવા માગે છે. પરિચિત વસ્તુની દૃઢતાને હું બાઝવા જાઉં છું ને બીજી જ પળે સરી પડું છું. ઘડીભર મારી આંખ સામેથી બધું ભૂંસાઈ જાય છે. કેવળ મારી શિરાઓમાં જાણે ચાબુકથી ફટકારીને દોડાવ્યું હોય તેમ લોહી દોડે છે. ચારે બાજુ લાલ લાલ મોજાંઓ ઊછળે છે. હું એ સમુદ્રના આભાસને શોધું છું. વૃક્ષો વચ્ચે ફેલાયેલી ચાંદનીને શોધું છું. અરે, કાંઈ નહીં તો મનોજે ફેલાવેલા એ ચીકણા તન્તુનો આધાર શોધું છું. એક ક્ષણ જાણે બધું લુપ્ત થઈ જાય છે. આ લુપ્ત થયાના ભાનનો પરપોટો જાણે હમણાં ફૂટશે એવું લાગે છે. ત્યાં હળવો સરખો ઉચ્છ્વાસ ક્યાંકથી મને સ્પર્શે છે. કોઈ પાસેથી ચાલી જતાં હવા આઘીપાછી થાય છે અને હું અધીરો થઈને પૂછી ઊઠું છું: 'કોણ, મૃણાલ?'

૬

મરણ મીંઢું થઈને બેઠું છે. એનું મીંઢાપણું હું ખોતરી નાખવા મથું છું. પણ એ નિષ્પલક દૃષ્ટિ એવી ને એવી રહે છે. આ મીંઢાપણું એના રોષની નિશાની છે અને મારી અટકળ સાચી પડે છે. એકાએક એના રોષના ફુત્કારથી બધું ગાજી ઊઠે છે. મહાનગરના રસ્તાઓ એના તાપથી બેવડ વળી જાય છે. બારીઓ બળતા કાગળની જેમ ઊડી જાય છે. દીવાલો ચપ્પટ વળી જાય છે. માનવીઓ લીરાની જેમ ફેંકાય છે. વૃક્ષોનાં મૂળ ઊખડી જઈને હવામાં વીંઝાય છે. મને આશા બંધાય છે કે હું પણ રાખ થઈને ઊડી જઈશ. પવન મારો હાથ ઝાલશે, નદીનાં શીતળ જળને ખોળે બેસીશ, શીતળતામાં ઓગળી જઈશ. છૂટી જઈશ. પણ આ બધાં વચ્ચે મરણની મારા પરની પકડ એટલી જ દૃઢ છે. એના દાબ નીચે ચંપાઈને મારા શ્વાસ દયામણે મોઢે ચાલે છે. આ હોવાની ચેતના જ ભારે વજન બનીને મને વિખેરાઈ જતાં અટકાવે છે. આ હોવાનો આકાર કોણે આટલી માયાથી ઘડ્યો હશે? મરણ હાથ ફેરવી ફેરવીને એ માયાને ભૂંસી નાખવા ઇચ્છે છે. એ ભૂંસાતી નથી, હુ ભૂસાતો નથી, મરણ જીદ છોડતું નથી. ધીમે ધીમે મરણ શાન્ત પડે છે. રસ્તાઓ પાછા એને સ્થાને ગોઠવાઈ જાય છે, બારીઓ ફરી જાણે કશું બન્યું જ ન હોય તેમ પોતપોતાનાં સ્થાન સંભાળી લે છે. દીવાલો ઉકેલાઈને ઊભી થઈ જાય છે. પણ એ રસ્તાઓ પર કોઈ ફરકતું નથી. એ બારીમાંથી કોઈ ઝૂકીને જોતું નથી. એ દીવાલ વચ્ચેનાં બારણાં ખૂલતાં નથી. બધું જાણે કોઈ મન્ત્રોચ્ચારની રાહ જુએ છે. બધું સજીવન થઈ ઊઠવાની અણી પર છે. હું નિ:સ્તબ્ધ બનીને જોયા કરું છું. ત્યાં ક્યાંક પાસેની જ બારીમાંથી કોઈ ઝૂકીને જુએ છે. હું પૂછી ઊઠું છું: ‘કોણ, મૃણાલ?’

૭

ગોપીનું હાસ્ય રણકી ઊઠે છે. ગીચ ઝાડી વચ્ચે એકાએક કોઈ ઝરણું, ખળખળ વહી જતું દેખાય તેવું મને લાગે છે. હું દૂરના સમુદ્રના આભાસને જોઉં છું, પણ મરણનું ધ્યાન ન જાય તેવી રીતે આ હાસ્યને પણ જોઉં છું. બહુ હસવાથી આંખમાં આવેલાં આંસુ, ગાલના ઊપસેલા ટેકરાઓ, ખૂલી ગયેલું મુખ, ફરી ફરી ગણ્યા કરવી ગમે એવી દન્તપંક્તિઓ – આ બધું હું નજર સામે પ્રત્યક્ષ કરવા મથતો હોઉં છું ત્યાં જ એ હાસ્ય લુપ્ત થઈ જાય છે. પણ એના પડઘા રહી જાય છે. કોઈ જૂના રાજાના મહેલના ખંડિયેરની ઊભેલી દીવાલો મધરાતે કોઈ અકાળે અવસાન પામેલી રાજકુંવરીના હાસ્યથી રહી રહીને ગાજી ઊઠે. દીવાલે દીવાલે એના પડઘા લંબાય, તેમ આ હાસ્યના પડઘા મારામાં ગાજી ઊઠે છે. હું ગભરાઈ જાઉં છું. જો એથી મરણની તન્દ્રા તૂટશે તો? એ પડઘાઓને હું શિશુની જેમ ઢબૂરી દેવા મથું છું. મારી આંગળીને ટેરવે જેટલી માયામમતા રહી હોય તેટલી બધી જ ટપકવા દઉં છું. આછી ધીમી થપકીઓથી હું એ પડઘાઓને શાન્ત કરવા મથું છું. મારી એ થપકીઓના આછા અવાજ નીચે પડઘાઓ શાંત થતા જાય છે. ક્યાંક કોઈક આંસુને તળિયે બેસી જાય છે. ફરી પાછું બધું સ્તબ્ધ થઈ જાય છે. ક્યાંક બે ઘુવડનો ઝઘડો ચાલે છે, ક્યાંક કોઈ વૃક્ષની શાખા વચ્ચે ભેરવાઈ ગયેલાં પોતાનાં અંગોને પવન સંકોરીને કાઢી લેતો સંભળાય છે, ક્યાંક ખરી ગયેલું પાંદડું કશાક દુ:સ્વપ્નથી આહ નાખતું સંભળાય છે; ક્યાંક પિંજરામાંનો પોપટ સહેજ આંખ ખોલે છે તે સંભળાય છે. વૃક્ષો નીચે ખસતી ચાંદનીનાં પગલાં સંભળાય છે. ઘડીભર ભાસ થાય છે કે જાણે કોઈ નજીક આવી રહ્યું છે; એનાં પગલાંના અવાજથી મરણની તન્દ્રા તૂટે નહીં એથી હું હોઠ હલાવીને કહું છું: 'ધીમે, ધીમે, ધીમે.' મારા કાનમાં કોઈ કહે છે: 'ધીમે, ધીમે, ધીમે…' હું પૂછી ઊઠું છું: 'કોણ, મૃણાલ?'

૮

મરણ કશુંક ગણગણે છે. એ ગણગણાટનો થર બાઝતો જાય છે, વૃક્ષ પરના કોઈ ફળની અંદરના કીડા જોડે મરણનો સંવાદ ચાલે છે. આ ગણગણાટ ધીમે ધીમે ભારે થતો જાય છે. એ ભારને કારણે હું ભાન ખોઈ બેસીશ એવું મને લાગે છે. એવી પરિસ્થિતિથી હું બહુ સાવચેત રહું છું. જો એવું બને તો જે ઝેરી ડંખ મરણ સંતાડીને બેઠું છે તે બહાર કાઢે. પછી એ ડંખથી મારી ચેતના લીલી લીલી થઈ જાય. પછી હું મારી સંજ્ઞા ખોઈ બેસું. મરણથીય એ તો અદકું મરણ. એથી જ તો વેદનાથી મારી સંજ્ઞા જાળવી રાખવા મથું છું. કોઈ રેતીમાં ધીમે ધીમે દટાતો જાય, પછી નીકળવાનો પ્રયત્ન કરે, કશું વળે નહીં અને આખરે બધે રેતી ફરી વળે તેવું હું અનુભવું છું. ઉપર નીચે બધે આ ગણગણાટ છે. કદાચ મરણ મને કશુંક કાનમાં કહી રહ્યું છે. મારા શબ્દો ઇયળે કોતરી ખાધેલાં પાંદડાં જેવા થઈ ગયા છે. આ ગણગણાટથી મારું લોહી ઘટ્ટ બનીને સીસા જેવું થતું જાય છે. આંખ પર એનો ભાર વરતાય છે. હું પાંપણ બંધ કરતો નથી. કોઈ મારે ખભે સહેજ હાથ મૂકે તો એટલા સરખા આધારથી હું આ ગણગણાટના થરને ખંખેરી નાખું. મારો હાથ આવી કશી ઇચ્છાથી ગભરાતો ગભરાતો બહાર નીકળે છે. આંગળીઓ અનિશ્ચિતતાની મુદ્રામાં સહેજ વાર સ્થિર થઈ જાય છે. પછી હાલવા લાગે છે. એ હાથ કોઈ કચડાઈ ગયેલા જન્તુની જેમ સળવળે છે. હું એને પાછો ખેંચી લઈ શકતો નથી. એ અધ્ધર જ રહી જાય છે. ઘડીભર એ ડૂબીને બહાર કાંઠા પર ફેંકાઈ ગયેલા શબના હાથ જેવો લાગે છે. આમ ને આમ જો એ અધ્ધર રહેશે તો એ ભારે ને ભારે થતો જશે એવો ભય મને લાગે છે. પણ આંગળીઓ છૂટી પડી ગઈ છે. જો કોઈ એ હાથને ઝાલે તોય આ આંગળીઓ એ બીજા હાથની આંગળીઓમાં પરોવાઈ જઈ શકે કે નહીં તે હું જાણતો નથી. એ હાથમાં અડગતા નથી, માટે જ એ ડગી જાય, સ્વાભાવિક બને એમ હું ઇચ્છું છું. વર્ષોથી હું હાથ સંતાડીને ઠૂંઠા માણસની જેમ ચાલતો રહ્યો છું. આથી જ તો મારા હાથનું આ કરતૂત જોઈને ભય લાગે છે. આંગળીઓ હવે સળવળતી નથી. હું મૂઠી વાળવાનો પ્રયત્ન કરું છું. હાથને હાથમાં સંતાડી દેવાથી આ સ્થિતિમાંથી ઊગરી જવાશે એવું મને લાગે છે. આ મથામણમાં જ હતો ત્યાં પાસેનું બારણું ખૂલે છે. મારાથી થોડેક છેક પ્રકાશનો પટ્ટો પથરાઈ જાય છે. મૂઠી વળતા એ હાથને અર્ધેથી રોકીને કોઈ પકડી લે છે. હું પૂછું છું: 'કોણ મૃણાલ?'

૯

નીચેથી કાર સ્ટાર્ટ થવાનો અવાજ થાય છે. છેલ્લું રહી ગયેલું કોઈ ધડધડ ઊતરીને દોડે છે. એના દોડી ગયા પછી ક્યાં સુધી એના પડઘા ગાજે છે. હાંડીઝુમ્મર બુઝાઈ જાય છે. મને લાગે છે કે હવે ક્યાંય કોઈ નથી. બધે શાન્તિનો શ્વાસ સંભળાય છે. ઝરૂખામાં પડતી બારીઓના કાચ ચાંદનીથી ચમકી ઊઠે છે. એનો ચમકી ઊઠવાનો ઉદ્‌ગાર પડઘા પાડતો વેરાઈ જાય છે. દૂર સમુદ્રના જળ નીચે સૂતેલો સૂર્ય પડખું બદલે છે. એનો અવાજ પણ અહીં સંભળાય છે. સૂના ઝરૂખાઓમાં પવન રહી રહીને લટાર મારી જાય છે. ક્યાંકથી કિચુડ કિચુડ અવાજ સંભળાય છે. જોઉં છું તો ઝરૂખામાંનો હીંચકો હાલે છે. ઘડીભર તો માની લઉં છું કે એ પવનનું જ અડપલું હશે. પણ નજર સ્થિર કરીને જોઉં છું તો એક ધોળા આકારની આછી રેખાઓ વરતાય છે. ત્યાં ઝરૂખાને સામે છેડેથી બીજો આકાર ચાલ્યો આવતો દેખાય છે. હીંચકો ઘડીભર થંભે છે. પછી ભારે વેગથી હીંચકો ઝૂલવા લાગે છે. એ ઝૂલવાના લયથી કે શાથી મારામાં રહેલું મરણ અસ્વસ્થ થઈ ઊઠે છે. એ થરથર ધ્રૂજે છે. એના ધ્રૂજવાથી હું હચમચી ઊઠું છું. પણ મારા હાલવાના અણસારથી રખેને પેલા આકારો મારી ઉપસ્થિતિ વરતી જાય એ બીકે હું થાંભલાની ઓથે સ્થિર ઊભો રહું છું. ત્યાં શાન્તિને ભેદતું હાસ્ય રણકી ઊઠે છે. સૂના ઘરના બધા ખૂણામાંથી એના પડઘા પડે છે. જાણે એ હાસ્યનો સંકેત મળતાં આ ઘરના કેટલાય અદૃશ્ય આકારો બહાર આવ્યા છે. હીંચકો ચગે છે. હાસ્ય તીવ્ર બનીને લગભગ ચીસ બની જાય છે. હું બંને કાનમાં આંગળી ખોસી દઉં છું. આંખ બંધ કરી દઉં છું. મારા શ્વાસમાં મરણ કશાક ભયથી હાંફતું સંભળાય છે. ધીમે ધીમે હસવાનો અવાજ આછો ને આછો થતો જાય છે. થોડી વાર રહીને હું હિંમત કરીને આંખો ખોલું છું. હીંચકો હવે લગભગ થંભી જવાની અણી પર છે. નીચે નજર કરું છું તો ચાંદનીમાં એ આછા આકારોની રેખા વરતાય છે. એ દૂર ને દૂર જતા જાય છે. આખરે ચાંદનીના પ્રસારમાં નહીં ઓળખાય એવાં બે બિન્દુ જ દેખાય છે, પછી દૂરના સમુદ્રના આભાસમાં એ ખોવાઈ જાય છે. હું મારા કાનમાં ખોસેલી આંગળીઓ કાઢી લઉં છું. ધીમે, છાનાછપના અવાજે કોઈ સાવ નજીકથી મને કંઈક કહી રહ્યું હોય એવો ભાસ થાય છે, હું પૂછું છું: 'કોણ મૃણાલ?'

૧૦

એકાએક આખો ઝરૂખો ચાંદનીમાં ખુલ્લો પડી જાય છે. જોઉં છું તો બીજે છેડે મારી પીઠ કરીને ખુરશીમાં બેઠું બેઠું કોઈ સિગારેટ પીએ છે. પાસેની ટિપોય પર મૂકેલો ગ્લાસ ચાંદનીમાં ચળકે છે. હું પાસે જઈને પૂછું છું: ‘કોણ, સુધીર?’ એ ચમકીને મારી સામે જુએ છે. કહે છે: ‘ના, અશોક.’ પછી કહે છે: ‘અરે, તું બધાં જોડે બીચ પર ગયો નથી?’ હું કહું છું: ‘ના.’ થોડી વાર સિગારેટના છેડાને દાંતથી કરડતો બેસી રહે છે. પછી કહે છે:

‘બેસ, ડ્રાઉન યોરસેલ્ફ ઇન ડ્રીન્ક.’

‘ના.’

‘દોસ્ત, કંઈક કીમિયો બતાવ. તારી પાસે જો કશો કીમિયો હોય તો હું ઊગરી જાઉં.’

હું જવાબમાં કશું બોલતો નથી. હું જોઉં છું. એની આંખો સૂજેલી છે. એ હંમેશાં કશુંક લખવાની વાતો કરે છે. વાતોમાં ચગે છે. ખૂબ ચમકારા દેખાડે છે. પણ આખરે એનાથી કશું બની શકતું નથી. પછી બધું ઠરીઠામ થાય છે. એ લખવા કરવાની વાત ભૂલી જાય છે. વળી કોઈ નારી એને છંછેડી જાય છે.: કોઈ રીટા, ડોલી, મોનિકા – વળી ક્યાંકથી પેલી ઇચ્છા સળવળે છે. વળી એની વાતો ચગે છે. વળી પાછો કશું ન કરવાનો નશો એને ઘેરી વળે છે. એ બેહોશ થઈ જાય છે.

એ ફરીથી પૂછે છે: ‘દોસ્ત, કશોક કીમિયો બતાવ.’

એ મારી આંખોમાં તાકી રહે છે. ખંધું મરણ હસે છે. મને થાય છે કે હું અશોકને કશુંક કહું. પણ પહેલો શબ્દ જડતો નથી. મારા મોઢા પર કદાચ બોલવાની ઉત્સુકતાનો ભાવ છે. એથી એ અધીર બનીને મને જોયા કરે છે. મારે એને ઘણું કહેવું છે. વર્ષોથી કહેવાની ઇચ્છા છે. હું માત્ર એનો હાથ મારા હાથમાં લઉં છું. મારા હાથના સ્પર્શથી એ એકાએક ચોંકે છે. એનો હાથ પાછો ખેંચી લે છે.પણ એની દૃષ્ટિ એ મારા તરફથી ખસેડી લઈ શકતો નથી. એ એક નિસાસો નાખે છે. પછી નજર નીચી કરે છે. સિગારેટ સળગાવે છે. મને હાથ પકડીને બેસાડે છે. હું સમજી જાઉં છું. એ કશુંક કહેવા ઇચ્છે છે. હું ન હોત તો કદાચ એ આ ઘરના સૂનાપણાને પણ એ વાત કહેત. આથી હું બેસું છું. સિગારેટની રાખ

ખંખેરીને એ સમુદ્ર તરફ દષ્ટિ કરીને થોડી વાર સ્થિર બેસી રહે છે. પછી વળી મારી તરફ ફરે છે. દાંતથી હોઠ કરડીને કહે છે.: 'ડેમ ધીઝ સીલી ગર્લ્સ!' થોડી વાર સુધી એ કશું બોલતો નથી, પછી હું જાણી જાઉં છું કે હવે એના શબ્દો ઝાઝા રોકાય એમ નથી. સિગારેટને એશટ્રેમાં કચડી નાખીને એ અસ્થિર બનીને ઊભો થઈ જાય છે. પછી બોલે છે: 'યુ કેન નોટ રાઇટ અ માસ્ટરપીસ વિધાઉટ અ મિસ્ટ્રેસ. પણ એવી કમ્પેનિયનશીપ ક્યાં મળે છે? આ આપણો પવિત્ર ભારત દેશ. એમાં સ્ત્રીઓ બધી દેવી. કોઈ માણસ બનીને માણસ સાથે વાત કરતું નથી. યુ હેવ ટુ પેમ્પર ધેર ઇગો. તમે તો બહુ સારું ગાઈ જાણો છો. ઓહો, આ તમારું પેઇન્ટંગિ છે? – પછી થોડા ગળગળા થઈને તમે તમારા બનાવટી દુ:ખનું બયાન કરો. દેવી પીગળે, માતાની જેમ આશ્વાસન આપે, અથવા તો એની આંખમાં આંસુ છલકાય. આપણે કહીએ: 'ડોન્ટ સ્પોઇલ યોર બ્યુટિફૂલ આઇઝ' એટલે વળી મલકાય. જરા સારો મૂડ જામે, એટલે વાત કાઢીએ ને હિંમત કરીને કહીએ: 'આઇ વોન્ટ ટુ રાઇટ એન એક્સ્ટ્રાઓર્ડિનરી સ્ટોરી' એટલે મોઢું વકાસીને આપણા તરફ જોઈએ આંખો મોટી મોટી કરીને પૂછશે: 'ઓહ, ઇઝ ઇટ સો? હાઉ વન્ડરફૂલ!' એટલાથી ઉત્તેજન પામીને આપણે વાતો આગળ વધારીએ. બેએક મિનિટ એ બધું સહી લે, પછી બહુ નમ્ર અવાજે કહેશે: 'એસ્ક્યુઝ મી, આઈ હેવ ટુ રિંગ અપ માઇ ફ્રેન્ડ – 'પછી એ 'ફ્રેન્ડ' જોડે થતી વાતો – 'હાઉ લવલી, હાઉ નાઇસ, સ્યોર સ્યોર સ્યોર, ડોન્ટ બી સીલી,' પછી પાછી આવીને બેસે, બધી આગલી વાત ભૂલી જાય અને એકદમ પૂછી બેસે: 'તમે સ્ટેઇટ્સ ક્યારે ગયેલા?' ગુસ્સે થઈને જવાબ આપી દઈએ, 'છેલ્લો ગયેલો '67માં.' પછી આપણે બહાનું કાઢીને ઊઠી જઈએ, વાત ખતમ,' આટલું બોલીને ફરી ત્રણચાર વાર એ બબડે છે: 'ખતમ, ખતમ, ખતમ.' ત્યાં મને પરિચિત સુગન્ધ ક્યાંકથી આવે છે. ઝરૂખાને દૂરને છેડે કોઈકનો અણસાર વરતાય છે. હું પૂછું છું: 'કોણ મૃણાલ?'

૧૧

મરણ સહેજ જંપીને બેઠું હોય એમ લાગે છે. એ ન કળી જાય એવી રીતે હું એને જોયા કરું છું. એ ક્યાંથી પોષણ મેળવે છે તે શોધવાનો પ્રયત્ન કરું છું. કદાચ એવો કોઈ કીમિયો હશે જેના વડે એને એક ઉચ્છ્વાસ સાથે હજી લુપ્ત કરી દઈ શકાય. ઘણા અખતરા મેં કરી જોયા છે. દિવસરાત અવિરત ચાલ્યો છું. કેવળ મારાં ચાલતાં બે ચરણો પૂરતું જ મારું અસ્તિત્વ ટકાવી રાખીને, બાકીનાં બીજાં અંગોનો લોપ કરીને, ચાલ્યો છું. પગલે પગલે મરણ રજરજ થઈને ખરતું જાય એવી આશાએ ચાલ્યો છું. પણ કોઈક વાર ચાલતાં ચાલતાં પાછું વાળીને જોયું હશે. પાછળ રહી ગયેલા વળાંક આગળ કોઈક ઊભું છે એવી ભ્રાન્તિથી ચરણ થંભાવી દીધાં હશે. લુપ્ત કરેલી આંખોને ફરીથી ઊઘડવા દીધી હશે. ચાલતાં ચાલતાં ક્ષણોને ઠોકરે મારવાને બદલે કદાચ કશાક લોભથી સહેજ થંભી જઈને એકાદ ક્ષણને સંઘરી રાખવાના લોભથી પાછો વળ્યો હોઈશ. કદાચ અજાણતાં જ બહાર નીકળતા એકાદ શ્વાસને સહેજ વાર રોકી રાખ્યો હશે. કદાચ ચાલતાં ચાલતાં જ સાથે કોઈ ચાલી રહ્યું છે એવા અણસારની ભ્રાન્તિથી એ બીજાં બે ચરણ જોડે મારાં ચરણ મેળવવાનો પ્રયત્ન કર્યો હશે. પવનની લહરી કશોક સંદેશો લાવી છે એવી ભ્રાન્તિથી કાન સરવા કરીને કદાચ હું ઊભો રહી ગયો હોઈશ. કોઈ વૃક્ષની ઝૂલતી શાખામાં અજાણ્યો તર્જનીસંકેત વરતી લેવાની નાદાની કરી હશે. ચાલતાં ચાલતાં દૂર દેખાતા કોઈ નદીના જળના આભાસથી અણજાણપણે હૃદયમાં કશી આશાનો સંચાર થવા દીધો હશે. ક્ષિતિજના છેડા સુધી દોડી જવાની કશીક આસક્તિએ કદાચ મને ભુલાવામાં નાખ્યો હશે. એકાએક પાંપણ પર ઝમેલા આંસુએ દૃષ્ટિ સામે મૃગજળની માયા સરજી દીધી હશે. કદાચ મારા પડછાયા પર મેં વધુ પડતો વિશ્વાસ રાખ્યો હશે. દૃષ્ટિ ઊંચી કરીને કોઈ ચમકતા તારાને જોઈ દિશાને નિશ્ચિત કરવાનો લોભ રાખ્યો હશે. આગળ દોડી જતા વંટોળનો સાથ મેળવવાના લોભથી હું ચકરાવે ચઢી ગયો હોઈશ. ચાલતાં ચાલતાં અજાણતાં જ કોઈ અજાણ્યા ઘરના દ્વારમાં પ્રવેશી ગયો હોઈશ. આવી બધી ભૂલોએ મરણને પોષ્યું હશે. એના પુષ્ટ થતા દેહને ઓગાળી નાખવા મારી પાસે પૂરતી ગરમી નહીં હોય, એને વહાવી દેવા જેટલાં આંસુ નહીં હોય, તેથી જ તો મરણ ફાલતું ગયું હશે. હવે તો આ ભારને હડસેલવા સહેજ ચાલવું પણ કેવું મુશ્કેલ થઈ પડ્યું છે! ક્યાંક કોઈ ફડાક દઈને બારી ખોલી નાખે છે. બારીમાંથી ઝૂકીને મારા તરફ જોતું દેખાય છે. હું પૂછું છું: ‘કોણ મૃણાલ?’

૧૨

શાન્તિ છે. પથ્થરની દબાયેલી જમીન નીચેથી ફૂટવા મથતા અંકુરનો અવાજ સુધ્ધાં સંભળાય એવી શાન્તિ છે. એવી જ શાન્તિમાં કોઈ ખીલતા ગુલાબની જેમ એક નવો ઘા વિકસી રહ્યો છે, ઊઘડી રહ્યો છે. એની રાતી પાંખડીઓને હું જોઈ રહું છું. એની સહેજ ઊપસી આવેલી પુષ્ટતાને નસ્તર મૂકીને દૂર કરવા જેટલી મારી પ્રત્યેની મમતા હું એકઠી કરી શકતો નથી. વેદનાના ધબકારા થાય છે. એની જ જાણે એક ધારા બને છે. એ ધારાનો અવાજ આ શાન્તિમાં સાંભળું છું. પણ એ ધારા ધીમી છે. જો એનો વેગ પ્રચણ્ડ બને તો કદાચ ભાંગી જઈને થોડા ભારથી હળવા થવાનું બને. મરણ આ તરંગને હસી કાઢે છે. હું મોઢું ફેરવી લઉં છું. પવન કદાચ કબૂતરોની પાંખ વચ્ચે પોઢી ગયો છે. ઝરૂખામાંનો હીંચકો સ્થિર છે. આખા ઘરમાં કોઈ પ્રેત સરખું હાલતુંચાલતું નથી. શૂન્યનો વિસ્તરવાનો અવાજ સુધ્ધાં કાને પડતો નથી. મને સહેજ હીંચકો ઝુલાવવાનું મન થાય છે. પણ મારો પડછાયો થાંભલા સાથે ચોંટી રહ્યો છે. એને ઊતરડી શકાતો નથી. ચન્દ્ર ઘરના છાપરાની બીજી બાજુએ ચાલી ગયો છે. ઘાનું ગુલાબ પૂરું ખીલી ઊઠ્યું છે. હું એની પૂર્ણતાના અત્યાચારને સહી શકતો નથી. પણ સહેજસરખા કણસવાના અવાજથી આ શાન્તિનો ભંગ કરવાની મારી હિંમત નથી. આ મૂર્છિત થયેલી શાન્તિને કોણ ઢંઢોળીને જગાડશે એવું હું વિચારતો હોઉં છું ત્યાં સહેજસરખો અવાજ સંભળાય છે. કદાચ પ્રથમ ઝાકળબિન્દુના પડવાનો અવાજ, કદાચ અણજાણપણે ટપકી જતા એકાદ આંસુનો અવાજ, કદાચ થાકેલા ચન્દ્રનો નિ:શ્વાસ, કદાચ ઘરની વળીમાં સૂતેલા અન્ધકારનો પડખાં ફેરવવાનો અવાજ, કદાચ દરમાં જતી કીડીઓનો અવાજ – ત્યાં ઘાના ગુલાબની પાંખડી પર એક આંસુ ટપકે છે. હું પૂછું છું: 'કોણ મૃણાલ?'

૧૪

હું દાઝું છું. બાળપણમાં પીળા ચટાપટાવાળા વાઘને જોતો ત્યારે એમ થતું કે ચટાપટા દાઝ્યાના ડામ છે. તેથી બળ્યોઝળ્યો વાઘ દોડે છે. ઘણી વાર વનમાં લાગેલો દવ જોયો છે. આખી ડુંગરમાળમાં અગ્નિને દોડતો જોયો છે. એવી જ દોડતી અગ્નિશિખારૂપે વાઘને જોયો છે. આજે હું પણ જાણે એવા અગ્નિશિખાના ચટાપટાવાળા વાઘની જેમ ફાળ ભરીને દોડવા ઇચ્છું છું. મારા પગ છલાંગ ભરવાને તત્પર બને છે. મારી આંખ તો પહેલેથી જ છલાંગ ભરીને કૂદી જાય છે. પણ ખંધું મરણ પેંતરો ભરીને બેઠું છે. એની ચાલ મને સમજાતી નથી.મારી રૂંધાયેલી ગતિ મને ભરડો લઈને બેઠી છે. કોઈ ઊંચા પર્વતના શિખર જેવો હું સ્થિર છું. પવન મારી સ્થિરતા સાથે ઉઝરડાય છે. આંખનો પલકારો સરખો થતો નથી. નીચે વૃક્ષો વચ્ચે કોઈક ફરતું હોય એવું લાગે છે. સૂકાં પાંદડાંનો પગ નીચે કચડાવાનો અવાજ સંભળાય છે. એકાદ રાની બિલાડો કે સસલું આ અવાજથી ભડકીને નાસી જાય છે. પણ મને પેલો અગ્નિ એની લપેટમાં લેતો જાય છે. આ અગ્નિ દઝાડે છે, બાળીને રાખ કરતો નથી. હું શીતળતા ઝંખતો નથી. પૂરો બળી જવા ઇચ્છું છું. પણ એ તો બનતું નથી. હું આ અગ્નિને દૂર દૂર ફંગોળી દેવા ઇચ્છું છું. પણ હું પોતે જ જાણે મુશ્કેટાટ બંધાઈ ગયો છું. ઘડીભર બધું અગ્નિમય થઈ જતું લાગે છે. એ સોનેરી અગ્નિ વચ્ચે મરણની લાલ અંગારા જેવી આંખો તગતગે છે, મારું લોહી તપાવેલા લોખંડ જેવું ધોળું થઈ ગયું છે. ઘડીભર તો એમ લાગે છે કે સમય આ ઉષ્ણતાથી બાષ્પ બનીને ઊડી જશે. પણ સમયની એક એક ક્ષણને કોઈ મારામાં હથોડાથી ટીપે છે. આ ટીપાવાનો અવાજ સાંભળું છું. એ અવાજ સાથે કશુંક છેદવાનો અવાજ ભળી જાય છે. કોઈ મારાં આ બંધન છેદી રહ્યું છે. છેલ્લો પાશ છેદાઈ જતાં હું ઉપકાર માનવા પાછળ વળીને પૂછું છું: 'કોણ મૃણાલ?'

૧૪

દૂર સમુદ્ર તરફ થોડી શી પારદર્શક સ્વચ્છતાનો ખણ્ડ દેખાય છે. કદાચ ત્યાં જીવન નથી, મરણ નથી. કશાના આભાસ સરખાથી પણ અકલુષિત એવી એ સ્વચ્છતા છે. ઈશ્વરની આંખ પહેલી વાર ખૂલી હશે ત્યારે કદાચ એમાં આવી સ્વચ્છતા દેખાઈ હશે.

એ સ્વચ્છતા સુધી હું મારા મરણને લઈ જવા માગું છું. એમાં જો અમે બંને નિ:શેષ ભળી જઈએ તો કેવો સરસ મોક્ષ અમને મળે! આથી હું એ દૂર દેખાતી સ્વચ્છતામાં તદાકાર થવા ઇચ્છું છું. એની સાથે તદાકાર થવું એટલે મારા આકારની રેખાઓને ભૂંસી નાખવી. હું ભૂંસું છું અને મરણ હઠીલા બાળકની જેમ ભૂંસેલી રેખા ફરી દોરે છે. આમ છતાં પેલા સ્વચ્છતાના ખણ્ડને હું દૃષ્ટિ સામેથી સરી જવા દેતો નથી. કોઈ એવું વરદાન આપે ને જો હું ઊડીને ત્યાં જઈ પડું તો!

એ સ્વચ્છતાનું જ હું ધ્યાન ધરું છું. સૂર્યચન્દ્રનાં કલંક ત્યાં ઓગળી ગયાં છે. ભોંઠા પડેલા મરણને આપઘાત કરવાનું એ સ્થાન છે. સમુદ્રે એનો બધો અજંપો ત્યાં શમાવી દીધો છે. એને તળિયે મેરુ અને હિમાલય એમનું અભિમાન ડુબાડી આવ્યા છે. તારાઓની નિષ્પલક દૃષ્ટિ એમાં જઈને ઠરી છે. પવન એની ચંચળતામાંથી ત્યાં જઈને છૂટ્યો છે.

પણ ખંધું મરણ મોં ફેરવીને બેઠું છે. હું જોઉં છું, એના પંજા થરથર ધ્રૂજે છે. એની ભૂરી શિરાઓ કંપે છે. એની તગતગતી અંગારા જેવી આંખ પર જાણે ધોળી ફિકાશની રાખ વળી છે. આથી જ પેલી નિરાકાર સ્વચ્છતાને હું નિર્નિમેષ જોયા કરું છું.

પણ તરત જ એ સ્વચ્છતા નિસ્પન્દિત થઈ ઊઠે છે. એનો વિસ્તાર સંકોચાય છે. એ મારી સામે જાણે એની દૃષ્ટિ માંડે છે. એ દૃષ્ટિના ઇંગિતને હું સમજવા મથું છું. એ આંખનો આકાર ધારણ કરે છે. પણ એની સ્વચ્છતા કલુષિત થતી નથી. બહુ પાસે આવી ગયા પછી મને એકાએક ભાન થાય છે ને હું પૂછું છું: 'કોણ મૃણાલ?'

૧૫

મારા પગનાં તળિયાં નીચે એક પર્વત ઊગે છે. એની હઠીલી ઊંચાઈ મને તરણાની જેમ ઊંચકી લે છે. ચારે બાજુ વિસ્તરતી જતી વિશાળતા મારા ટકી રહેવા પૂરતા પરિમાણને ભૂંસતી જાય છે. મારામાં રહેલું મરણ સંકોચાઈને એક બિન્દુ જેવું થઈ જાય છે. એ સતત ખૂંચ્યા કરીને એના હોવાની જાણ મને કર્યા કરે છે. આ જાણને આધારે જ હું પણ ટકી રહ્યો છું. મારા અસ્થિના મર્મમાંથી એક ચિત્કાર નીકળે છે. એના પડઘા સામે મરણ દાંતિયાં કરે છે. ઊંચે ને ઊંચે જતાં કાનમાં હવાનો હાહાકાર ગાજ્યા કરે છે. હવાના જ તાંતણાથી ગૂંથાયેલી જાળમાં ઝિલાઈને જાણે હું બચી જઈ શક્યો છું. પરિચિત સંજ્ઞાઓનાં ટપકાં નીચે ઝાંખાં અને ઝાંખાં થતાં જાય છે. આ ઊંચાઈએ કદાચ મારા દુ:ખને પાંખ ઊગશે એવી આશા મને બંધાય છે. પણ દુ:ખની ઘનતા તો ઊંચાઈ સાથે વધતી જાય છે. પર્વતે મને ઊંચક્યો છે, પણ મેં જાણે મારામાં આ દુ:ખની ઘનતાનો પર્વત તોળી રાખ્યો છે. ઊંચેથી ક્યાંકથી વજ્રપાત થશે એવી આશાથી હું ઊંચે જોઉં છું. ઉપર ખગોળગણિતનાં કોષ્ટકો સિવાય કશું દેખાતું નથી. જાણે એક સામટાં અનેક શૂન્યોનું ટોળું ઉપર તોળાઈ રહે છે. પવન હજી નીચે નદીઓના પાલવમાં સંગોપાઈને બેઠો છે. એ ભીનાશથી એ ભારે થઈ ગયો છે. આથી જ અહીં, આટલે ઊંચે, આટલી બધી નીરવતા છે. એ નીરવતાથી ગભરાઈને મરણ એના હાથ વિનાના ખભા કુસ્તીના દંગલમાં કોઈ મલ્લ હલાવે તેમ હલાવે છે. એનો આ ઠૂંઠો રોષ જોઈને મને હસવું આવે છે.

ત્યાં નીચેથી પવન આવી ચઢે છે. એના સ્પર્શ સાથે જ આકાશની નીલ જવનિકા ખસું ખસું થઈ જાય છે. હવે પવન વધુ નજીક આવતો જાય છે. હવે એ કાન પાસેના વિશ્રમ્ભાલાપની જેટલો નિકટ આવી ગયો છે. એના સ્પર્શમાં નદીનાં જળને ઓળખું છું, મધરાત વેળાના શહેરના સૂના ચોકની નિર્જનતાને ઓળખું છું, સમુદ્રના અવિરામ રટણને સાંભળું છું. શિખરની અણી પર હું દુ:ખના પહાડને તોળીને તોળાઈ રહ્યો છું. અપાણિપાદ નિર્મુખ અચક્ષુ પવનનો આધાર શો? છતાં હાથ લંબાવતાં જ કશોક પરિચિત સ્પર્શ થયાનો ભાસ થાય છે અને હું પૂછી ઊઠું છું: ‘કોણ મૃણાલ?’

૧૬

હવે સમુદ્ર આંસુથી તરબોળ રૂમાલના જેવો પડ્યો છે. આદિ કાળના કોઈ વિરાટ સરિસૃપની જેમ પેટે ચાલતું ધુમ્મસ ધીમે ધીમે આગળ વધે છે. એનાથી નહીં ઢંકાયેલો એવો થોડો ભાગ રાત્રિના અંગ પર દિવસના ડાઘ જેવો લાગે છે. રમતા બાળકના હાથમાંથી લસરી પડીને લખોટી ક્યાંક જઈને અદૃશ્ય થઈ જાય તેમ ચન્દ્ર ક્યાંક દડી ગયો છે. વૃક્ષોના પડછાયા સંકેલાઈને વૃક્ષોની જ બખોલમાં સંતાઈ ગયાં છે. વૃક્ષોનો નીચેનો ભાગ જ માત્ર દેખાય છે. ધુમ્મસના ચાલવાના અવાજ સિવાય ક્યાંય કશું સંભળાતું નથી. તેથી જ મરણ જાણે હાંફતું બેઠું હોય એવી એના શ્વાસોચ્છ્વાસની અતિશયોક્તિ થઈ જાય છે. ધુમ્મસની જીભ લંબાઈને બધું ગ્રસતી જાય છે. આ ધુમ્મસમાં આદિ કાળના જળ પરના સૂર્યના અત્યાચારની સ્મૃતિ છે. એ જળનો જ સૂર્ય સામેનો વિદ્રોહ છે.

એકાએક ધુમ્મસ ઝરૂખામાં આવીને અટકી જતું લાગે છે. બારીઓ આંધળી થઈ ગઈ છે. હીંચકો ધુમ્મસથી ખવાઈ ગયો છે. ઘરની બંધિયાર હવાને ધુમ્મસ એના બોદા ટકોરાથી જગાડે છે. ક્યાંકથી એ હવાનો હડસેલો મને વાગે છે. આ ધુમ્મસમાં હું પણ જાણે અપાણિપાદ બની જાઉં છું. મને આશા બંધાય છે: આ ધુમ્મસ જ કદાચ મારામાં વસતા મરણને ગૂંગળાવશે. હું મરણની પ્રવૃત્તિ જોયા કરું છું. એ એના ખભા હલાવે છે. ઘડીક એના પીળા દાંત દેખાડે છે. એની આંખો હવે તગતગતી નથી. પશુના જેવો એનો ઘૂરકાટ પણ આછો થઈ ગયો છે. એ પોતાના વજનને વીંટળાઈ વળ્યું છે. એનો આ પરિશ્રમ મારા પર જુલમ ગુજારે છે.

આછી ભીનાશની ઝીણી ચાદરમાં હું લપેટાઈ જાઉં છું. બાળપણમાં તાવ આવતો ત્યારે તાવના ભાર છતાં નહીં બીડાતી આંખ પર માની આંગળીનાં ટેરવાં જે નિદ્રાને ટપકાવતાં તેના જેવો આ સ્પર્શ લાગે છે. અનિદ્રાનો તીક્ષ્ણ તેજાબ ધુમાડો થઈને ઊડી જાય છે. ચારે બાજુથી ઘેરાઈ જવાનો આ અનુભવ વળી જંપી ગયેલી કોઈ વાસનાને જગાડે છે. ધુમ્મસ એની શતલક્ષ જિહ્વાથી ચાટીચાટીને એ વાસનાને માંજે છે. એ ઇચ્છા માથું ઊંચકે છે ને પૂછે છે: ‘ક્યાં છે મૃણાલ?’

૧૭

ઝરૂખાને બીજે છેડે ઊભી છે નમિતા. એની રેશમી સાડી ચાંદનીમાં ચળકે છે. એ કદાચ કોઈકની રાહ જોઈ રહી હશે. એ ધીમે ધીમે પાસે આવે છે. એકાએક મને જોઈને હસીને કહે છે: 'ઓહ, તું!' કદાચ એ મને જોઈને નિરાશ થઈ હશે. એની કાયા પરના રેશમની ભૂરકી નાખનારી બડાશ – એના તન્તુઓ લંબાઈને સ્વપ્નના છેડાઓ વિસ્તારે છે. રેશમ એની કાયાને સુંવાળપથી પંપાળી રહ્યું છે. એની સળેસળમાં રોમાંચનો ચમકારો છે. એ નમિતાની કાયાના ઘાટની નિર્લજ્જ બનીને ચાડી ખાય છે. એના આ કાવતરામાં પવન ભળી જાય છે. રેશમની ચંચળતા રહી રહીને વીજળીની જેમ દોડી જાય છે. મારામાં બેઠેલા ખંધા મરણના મોઢામાંથી લાળ ઝરે છે.

નમિતા પૂછે છે: બધાં ક્યાં ગયાં?

મારી દૃષ્ટિ સમુદ્ર તરફ વળે છે. એ પણ સમુદ્ર તરફ જુએ છે. ત્યાં એકાએક પવન આવીને એના વક્ષસ્થળને ઉઘાડું કરી નાખે છે. મન્ત્રના બળે શાન્ત બેસાડી રાખેલાં સ્તન ચંચળ થઈ ઊઠે છે. એથી નમિતા મૂંઝાઈ જાય છે. કંઈક અન્યમનસ્ક બનીને એ સાડીનો છેડો ફરી હાથમાં લેવા જાય છે. પણ ચંચળ સુંવાળી લિસ્સી માછલીના જેવું રેશમ આંગળી વચ્ચેથી સરી જાય છે. ત્યાં પવન બીજું અળવીતરું કરે છે. એની લટ ફરફરતી એની આંખોને પજવે છે. બીજા હાથે એ લટને સરખી કરવા જાય છે. એના હાથનો એ વળાંક, કોણી ઉપરના ભાગની દબાઈને ઊપસી આવતી પુષ્ટતા હું જોઈ રહું છું.

નમિતા નિસાસો નાખે છે. મરણની જીભ લપકે છે. નમિતાની આંખોમાં પાંખ ફફડાવીને ઊડી જવા ઇચ્છતા પંખીની અધીરતા છે. પવન રેશમ સાથે છાની વાતો કરે છે. એની એ ગુસપુસ મારે કાને પડે છે. મધદરિયે જતાં કોઈ વહાણના શઢમાંથી કોઈક પ્રલાપ આ પવન સાંભળતો આવ્યો છે. નમિતાની કાયા પર રેશમની ઝાંય જાણે મોહકતાનું આછું આસ્તરણ બની રહે છે. રેશમ વધુ વાચાળ બને છે. પણ નમિતા જાણે એ કશું સાંભળતી નથી.

દૂરથી કોઈને સંકેત કરીને બોલાવતી હોય તેમ નમિતા હાથ ઊંચો કરે છે. સહેજ ઝરૂખાના કઠેરા પર ઝૂલે છે. એના પગ સહેજ ડગી જાય છે. એનું સમતોલપણું જતું રહે છે. કઠેરાની બીજી બાજુ જઈને ન પડે એ માટે એ મારી તરફ ઝૂકે છે. બીજી જ ક્ષણે

એનો ભાર મારા પર આવી પડે છે. હું જાણું છું કે એ નમિતા જ છે. છતાં મારાથી પૂછી દેવાય છે: 'કોણ મૃણાલ?'

૧૮

મરણ નહોર ભરી ભરીને મારાં પાપને શોધે છે, ખોતરે છે. પાપ ભૂરાં પડી જાય છે, ચીમળાઈ જાય છે. મરણ એને પોતાના પગ નીચે ચાંપીને ઊભું રહી જાય છે. પાપને કોઈ ચહેરો નથી, આથી હું એને ઓળખી શકતો નથી, છતાં એ મારાં છે એનું ભાન મને મરણ કરાવે છે. મારાં પાપને કોઈક વાર એ વાત્સલ્યથી બુચકારા બોલાવીને રમાડે છે, ઉછાળે છે. પણ કોઈક વાર એ પાપ પર એને સંદેહ જાય છે. કદાચ છેલ્લી ઘડીએ એ ફરી જાય!

મહાનગરની ઝેરીલી હવા સાથે કોણ જાણે કેટલાંય પાપ મેં શ્વસી લીધાં હશે! કેટલીક વાર આ પાપ કાચબાના જેવા નાના નાના પગથી મારી શિરાઓમાં ચાલે છે. કોઈક વાર કુંડાળું વળીને હૃદયની આજુબાજુ બેસી જાય છે. કોઈક વાર એના ફૂત્કારથી દઝાડે છે, તો કોઈક વાર કેવળ ધુમાડાની જેમ ગૂંછળા વળીને ફેલાયા કરે છે. કોઈ પ્રિયજનનો હાથ પકડીનેય કેટલાંય પાપ હું ચોરીછૂપીથી નથી ભરાઈ ગયાં? કેટલીક વાર એ બધાં ગંધકના ઢગલાની જેમ સહેજસરખા અગ્નિના તણખાની રાહ જુએ છે. પણ ક્યારેક બધું જંપી જાય છે. હું પાંપણ પલકારવાની હિંમત કરું છું. શ્વાસ એનો સાચો લય ફરીથી પ્રાપ્ત કરે છે. મારાં થંભી ગયેલાં ચરણ પરિચિત માર્ગોની સ્મૃતિથી સળવળી ઊઠે છે. હજારો વરસ પહેલાં દટાઈ ગયેલા કોઈ પ્રાચીન નગરમાંનો અશ્મીભૂત મારો જીવ જાણે આળસ મરડીને ઊભો થાય છે. એની સાથે જાણે એ નગરના બધા પાષાણ સજીવન થશે. પથ્થરની તિરાડોમાંથી માથું બહાર કાઢીને ભૂતકાળ શ્વાસ લેશે. વર્ષોનાં ધણ પાછાં વળશે.

એકાએક બધો ભાર હળવો થઈ જાય છે. લોહી ગાતું ગુંજતું વહેવા લાગે છે. આંખ આ સૃષ્ટિનું સ્તવન ગાતી જાય છે. હાથ પથ્થરના થાંભલાનેય વળગીને વ્હાલ કરવા અધીરા બની જાય છે. આંગળીઓ મન્દિરના ઘણ્ટની જેમ ઝંકૃત થઈ ઊઠે છે. મને આશા બંધાય છે કે હવે મારી વાણી શાપમુક્ત થશે. હું એનો સજીવન થવાનો ધબકાર સાંભળું છું. કાન માંડીને સાંભળું છું. ચકિત હરણના જેવા શબ્દો કૂદી પડે છે: 'ક્યાં છે મૃણાલ?'

૧૯

કોઈ વાર હું પથ્થર ભેગો પથ્થર થઈને રહેવા જઈશ. પથ્થરમાં એક પ્રકારની શાશ્વતતા છે. સૂર્યથી પીગળી નહીં જવું, ચન્દ્રથી લોભાઈને પથ્થરપણું ખોઈ ન બેસવું, ચાંદનીના જાદુઈ સ્પર્શે સપનું બનીને ઊડી ન જવું, જળની થપાટોને સ્નેહસ્પર્શ ગણી લેવો, જળના અવિરત પ્રણયનિવેદનને સાંભળ્યા કરવું, હૃદયને એવું તો સંતાડી દેવું કે બધા મને હૃદયહીન જ માને, કેવળ વજ્રપાત જ હૃદયને ભેદે, પવનની ચંચળતાને સહી લેવી, ફરી એનો હાથ ઝાલીને સ્વૈરવિહાર કરવાની ભૂલ ન કરવી, વીજળી હૃદય ભેદવા આવે તો જાણે કશું બન્યું જ નથી એમ માનીને મીંઢા થઈને બેસી રહેવું, જ્વાળામુખી અને ઉલ્કાની સ્મૃતિને માથું ઊંચકવા જ ન દેવું –

મરણ મારા આ તરંગને સાંભળે છે, ખંધું હસે છે. પછી પોતે જાણે પથ્થર હોય એમ નિશ્ચલ થઈ જાય છે. મને એનો ભાર વધારે લાગવા માંડે છે. એનો આ ઢોંગ વધારે ચાલતો નથી. એક પથ્થર બીજા પથ્થરને નિષ્પલક જોઈ રહે તેમ એ મને જોઈ રહે છે. જળની ધારા બે પથ્થરને જોડે છે, કોઈ વાર જળ પથ્થરને ખોળે બેસાડીને લઈ જાય છે. પણ હું નદીકાંઠાનો પથ્થર નથી. નદી એનો પ્રવાહ બદલીને દૂર જતી રહી છે. માણસને આંગળી ચીંધી રસ્તો બતાવતો હું સીમાડાનો પથ્થર નથી. માનવીના સમ્પર્કથી હું બહુ દૂર છું. પથ્થરો જોડે પણ ચણાઈ જવા જેવો મારો નિકટતાનો સમ્બન્ધ નથી. પાસેના પથ્થરની અને મારી વચ્ચે પોલાણ છે, જેમાં પવન એનાં અળવીતરાં કરે છે, કોઈ વાર એ એમાંથી હૂ હૂ કરતો ભાગે છે. દૂરથી કોઈને એમ લાગે કે પથ્થરો જ બોલ્યા કે શું! પણ અમે આકાશનાં નક્ષત્રો કરતાંય વધારે મૂગા છીએ. બે નક્ષત્રો વચ્ચેનો શૂન્યાવકાશ ઘનીભૂત થઈને અમારી કાયામાં સમેટાયો છે. સૂરજનાં થીજેલાં ટીપાં જેવા અમે અહીં વેરાયેલા છીએ. પવન અમને તીક્ષ્ણ બનાવવા મથે છે, અને અમે અમારી કઠોર તીક્ષ્ણતા બદલ ગાળ ખાઈએ છીએ. પવનની આંગળી મારી કાયા પરથી આંધળો અક્ષર ઉકેલે તેમ કશુંક ઉકેલવા મથે છે, ઉકેલતો ઉકેલતો પવન લવતો જાય છે. હું તો એનું કશું કાને ધરતો નથી, પણ કોઈ વાર એના એક સરખા ગુંજનનું ઘેન ચઢે છે, કોઈ વાર જળના એક સરખા ખળખળ નાદનું ઘેન ચઢે છે. એ ઘેનને વશ થઈને હું બોલી ઊઠું છું: 'મૃણાલ!'

૨૦

ક્યાંકથી કોઈ ગાતું હોય એવું સંભળાય છે. પણ એના સૂરમાં ધનુષ્યમાંથી વેગથી છૂટીને હવાને ભેદી જતા બાણની સીટી વાગે છે. કેટલાક સૂરમાં વહેલી સવારે ઝરતાં ઝાકળના જેવી ભંગુર આર્દ્રતા હોય છે. આ ગીતના સૂરમાં તીક્ષ્ણ ભેદકતા છે. એ સૂરને હૃદયમાં પંપાળીને રમાડી શકાતો નથી. કેવળ એના વેગનો લિસોટો મને ઉઝરડી જાય છે. એનો ચમચમાટ જાણે એ સૂરના પડઘા પાડ્યા કરે છે. એ સૂર જાણે એકાકી છે. એ આકાશમાં આકાશ બનીને વિખેરાઈ જતો નથી. જેને એ ભેદે છે તેમાં એ તદાકાર થઈને સમાઈ જતો નથી. એની પૃથક્તાની અણી એમાં ખૂંપી જાય છે અને પછી એ સૂર પેલા બાણની જેમ ધ્રૂજ્યા કરે છે.

જોઉં છું તો આ સૂર સાંભળતાં મરણ ફરીથી દાંત કટકટાવી રહ્યું છે. કદાચ તાલ આપવાની એની એ રીત હશે. એના તાલની કર્કશતા હું સાંભળ્યા કરું છું. પેલો ગીતનો સૂર જાણે હજી કશું લક્ષ્ય ભેદી શક્યો નથી, હજી એ એટલા જ વેગથી કેવળ આગળ વધ્યે જાય છે. એણી પ્રલમ્બ શકાર શ્રુતિ વધુ ને વધુ તીક્ષ્ણ બનતી જાય છે. એ વધુ ને વધુ સૂક્ષ્મ બનતી જાય છે. એની આ સૂક્ષ્મતા મને લોભાવે છે. હું એકાએક ચંચળ બની ઊઠું છું. બે હોઠના ગોળાકારમાંથી, ધનુષાકાર બે હોઠ વચ્ચેથી, છૂટીને ધીમે ધીમે સૂક્ષ્મમાંથી સૂક્ષ્મતર બનીને અદૃશ્ય થઈ જવાની લાલસા જાગે છે. આ વિહ્વળતાથી હું હચમચી ઊઠું છું.

મારી આ સ્થિતિ જોઈને મરણના ઠૂંઠા ખભા ફરી હાલવા લાગે છે. એના દાંતમાંથી સિસોટી વાગવાનો અવાજ સંભળાય છે, હું મારા મનને સમજાવું છું: એ સૂર હવે પાછો વળવાનો નથી. એ સૂર ત્યાં પેલા સમુદ્રના અન્તરમાં જઈને સમાઈ ગયો હશે. એનાં અસંખ્ય તરંગોમાં એનાં તરંગવર્તુળો શમી ગયાં હશે. પણ હૃદય તો આ કશું સ્વીકારતું નથી, મારે કશી લેવાદેવા નથી એમ માનીને હું જડવત્ ઊભો રહું છું.

વળી બધું સ્તબ્ધ થઈ જાય છે. એક અપેક્ષા ધીમે ધીમે આકાર લે છે. એ સૂર પ્રદક્ષિણા કરીને પાછો ફરે તો એને મારા હૃદયમાં આવકારું, પછી ભલે એ ખૂંપી જઈને થરથર ધ્રૂજ્યા કરે. હું એ આન્દોલનોને સાંભળ્યા કરું. કદાચ એ આન્દોલનોમાં જ ફરીથી સાંભળું એ નામ: મૃણાલ.

૨૧

સામેની દીવાલ પર એક સાથે ઘણા પડછાયા ઊપસી આવે છે. કદાચ બધાં પાછાં આવ્યાં છે. ફરી બધાંના અવાજ રણકી ઊઠે છે. ચીલ્ડ બિયરના શીશા ઠલવાય છે. એ ગ્લાસના ડહોળાયેલા રતૂમડા રંગમાં હાંડીઝુમ્મરનો પ્રકાશ તરે છે. અસ્થિર હાથોમાં એ ગ્લાસ હાલે છે, છલકાય છે. ગ્લાસ ટિપોય પરથી ઉઠાવતાં નીચે નાનું શું વર્તુળ છપાઈ જાય છે. ધુમાડાની રેખા ઊંચે જાય છે. પછી રેખા નથી રહેતી, એનું જાણે એક વાદળ બંધાઈ જાય છે. મેધાની આંખોમાં અસ્થિરતા છે. એ બિયરનો ગ્લાસ હોઠે માંડે છે. એમાંથી થોડો બિયર પીતાં પીતાં હોઠની બહાર રેલાઈને દાઢીની અણી પર થઈને બે સ્તનની વચ્ચેના ખાડામાં ઊતરે છે. મનોજ એની જીભથી એ બિયર ચાટી લે છે. બધાં ખડખડ હસે છે. મેધાની મંદ જ્યોતની જેવી આંખ ટમટમ્યા કરે છે. કોઈ મેધાને પૂછે છે: 'સુધીર નથી?' મેધા ખભા સંકોરીને કહે છે: 'હું શું જાણું?' પછી ઘોઘરા અવાજે કહે છે: 'હશે કોઈ મેરી, ડોલી, રોશન કે રીટા સાથે.' મનોજ પૂછે છે: 'કાલે અમને સવારે ચાર વાગ્યે અહીં લઈ આવ્યા ત્યારે તું બારણું ખોલવા પણ ઊભી નહીં થઈ?' મેધા વિચિત્ર ડચકારો બોલાવીને જવાબ આપે છે. પછી એ ઊભી થઈને લથડતે પગલે ઝરૂખામાં આવે છે. એની પાછળ પાછળ આવે છે અમિતા. અમિતા એનો હાથ પકડીને આધાર આપે છે. હું એકાએક ખૂબ ખિન્ન થઈ જાઉં છું. મને થાય છે: અંદર જઈને, હાંડીઝુમ્મર ફોડી નાખું, ગ્લાસના ચૂરેચૂરા કરું, આ બધાની સડેલી ખોપરીને તોડી નાખું, એના પર દારૂ છાંટું ને પછી દીવાસળી ચાંપીને ચાલ્યો જાઉં –

આકાશમાં ચન્દ્ર દેખાય છે, ના દેખાતો નથી પણ સંભળાય છે કોઈના હીબકાં જેવો. હું ચાંદનીમાં મેધા અને નમિતાને ઊભેલાં જોઉં છું. મેધા આંસુ સારી શકતી નથી. એનાં આંસુ શીશાના ગઠ્ઠા બનીને એના ભારથી એને જાણે આ ઘરમાં જ જડી દે છે. કેટલીય રાતે અમે એકબીજાથી અજાણતાં અહીં ઊભાં ઊભાં દૂરના સમુદ્રના આભાસને જોઈને અમારી આંખો ભીની કરી છે. મારામાં બેઠેલું મરણ કચવાય છે. એની લપલપતી જીભ કાઢીને એ જાણે કોઈ કૂતરાની જેમ લાંબું દોડવાની તૈયારી કરે છે. પણ એની વૃક્ષના ઠૂંઠા જેવી કાયા સહેજેય ચસતી નથી. ઘડીભર મારી આંખ સામેથી બધું ઝાંખું ઝાંખું થઈને ભૂંસાઈ જાય છે. એક નરી નિરાકારતા ચારે બાજુ વિસ્તરી રહે છે. ત્યાં કોઈ મારે ખભે

હાથ મૂકે છે. હું પાછળ જોયા વિના જ પૂછું છું: ‘કોણ, મૃણાલ? ‘ જવાબ મળે છે: ‘ના, મેધા.’

૨૨

કોઈ વાત શૂન્યતાનો ઇન્દ્રિયઘન સ્પર્શ થાય છે. કોઈ પુષ્ટ સ્તનની કે નિતમ્બની સુડોળ ગોળાકાર એવી એની આકૃતિ મારા બે હાથ વચ્ચે ગોઠવાઈ જાય છે. એના સુખદ દાબથી મારી હથેળી રવરવી ઊઠે છે. મારી આંગળીઓ એની માંસલતામાં ઊંડે ને ઊંડે લપાઈ જવા ઇચ્છે છે. પણ પછીથી કોઈ કાચા ફળને બચકું ભરીને એની તૂરી ખટાશને ચાખવાનું મન થાય તેમ એ શૂન્યતાના પર મારા દાંત બેસાડવાનું મન થાય છે. મારી એ ઇચ્છા સામે મરણ ઘૂરકિયાં કરે છે. મેધા શૂન્યતાનો જુવાળ બનીને મારા પર છલકાય છે. ઘડીભર એના ઉછાળા સાથે હું ઊછળું છું. ઊછળીને નર્યો પરપોટો બની જાઉં છું. પણ એ પરપોટાની અંદર મરણનો ચળકાટ દેખાય છે. વળી એ જુવાળની સાથે હું નીચે પડું છું. એની હજાર હજાર આંગળીઓ પ્રસારીને રેતીને બાઝી પડતાં ફીણવાળાં જળ જોડે હું પણ પ્રસરી જાઉં છું. હાથ નીચેથી ભીની રેતી સરી જાય છે, મોજું ત્વરિત ગતિએ ભાગી જાય છે, કેવળ ફીણની ધોળાશ જેવો હું રહી જાઉં છું.

પણ શૂન્યતાને નક્કર અપારદર્શી વિસ્તાર રૂપે પણ જોઈ છે. એ વિસ્તારનો કોઈ છેડો દેખાતો નથી. એ શૂન્યતાના ખડક પર એના નકારને કોતરવાનું સાહસ પણ કર્યું છે, પણ લોહિયાળ આંગળાં લઈને પાછો ફર્યો છું. શૂન્યતામાં તદાકાર થવા જતાં જ ફરી ફરી એના ઉદ્ધતાઈભર્યા હડસેલાથી દૂર ફેંકાતો ગયો છું. મારા વિચારોને શૂન્યતાનો પાસ બેઠો છે, તેથી જ તો કોઈક વાર આ શૂન્યતાથી બચવા ગાઢ વનની સ્નિગ્ધ નિબિડ છાયા જેવી કોઈ આંખની માયાનું આશ્વાસન લેવા પણ લોભાયો છું. રિઝવવા સિવાય મેં કશી સ્પૃહા રાખી નથી.

પણ આજ સુધી એ શૂન્યતાના મર્મને હું પામ્યો નથી. આથી કેવળ ઓગળી જવું, અદૃશ્ય થઈ જવું, નિશ્ચિહ્ન થઈ જવું એવી વાસના મેં સેવી છે. એ વાસનાને મેં અનેક રીતે બહેકાવી છે, એને આજ સુધી કજળી જવા દીધી નથી. છતાં હું શૂન્યતાને મારાથી અળગી કરીને જોઉં છું તે જ એની ને મારી વચ્ચેના અન્તરને પ્રકટ કરે છે. શૂન્યતાની અને મારી વચ્ચે કદાચ હજી મારે અનેક જન્મો મૂકવાના રહેશે. કદાચ તેથી જ હું કોઈક વાર શબ્દો ઉચ્ચારવા મથું છું, પણ શબ્દ ઉચ્ચારવા જતાં હોઠે આવી ચઢે છે: 'મૃણાલ.'

૨૩

આજે ઈશ્વર આવીને કાનમાં કહે છે: 'મારે માણસ થવું છે.' મને લાગે છે કે એને માટે કોઈ કીમિયો શોધી કાઢવો જોઈએ. ગર્ભવાસનું ઊંધે મસ્તક લટકવાનું દુ:ખ, જન્મ્યા પછીનું રુદન, શિશુકાળની અસહાયતા – આ બધું એ સહી શકશે? સૌથી અઘરું કામ તો એને માટે આંસુ શોધવાનું છે.

પણ એને માટે, માનવી જ કરે એવાં આગવાં, થોડાં પાપ શોધવા પડશે, ઈશ્વરના પાપમાં અમાનુષીપણું રહેલું હોય છે. હું આવી ચિન્તામાં પડી જાઉં છું. ઈશ્વર મારી સામે યાચનાભરી દૃષ્ટિએ તાકી રહે છે. એ માનવસ્પર્શને ઓળખે, થોડુંક મેધાના નિ:શ્વાસથી દાઝે, નમિતાનાં રૂંધેલાં આંસુના ભારને ઓળખે, સુધીરની શૂન્યમનસ્કતાને તળિયે ડૂબકી મારે, અશોકની વિફળતાના છીછરાપણાને જાણે, અને મૃણાલ –

આ ક્ષણે મ્લાન ચાંદનીથી આચ્છાદિત પૃથ્વીના મુખ પર જે ગ્લાનિ છે, ઉદ્વેલિત સમુદ્રના અન્તરમાં જે વિક્ષોભ છે, હવામાં વ્યાપી રહેલો જે હાહાકાર છે, સૂર્યની પૃથ્વીનાં દુ:ખ દૂર રહીને જાણ્યાની જે બળતરા છે – આ બધું સમાવવા જેટલું ઈશ્વરનું હૃદય વિશાળ કરવું જોઈએ. માણસ થવા ઈશ્વર મથ્યો છે, એના અવતારોની કથા જાણીએ છીએ. પણ અત્યારે કદાચ એની પાપબુદ્ધિનો ભાર વધ્યો છે, અત્યારે માનવ ભેગા માનવ થઈને સહાનુભૂતિ પામવાની એની લાચારી વધી છે.

એ અણુ છે, વિભુ છે. સૌ પ્રથમ તો નિકટનું પણ કોઈ ન સાંભળે એમ સરી જતા આછા નિ:શ્વાસરૂપે એણે આવવું પડશે. પછીથી આછી આંસુની ઝાંયરૂપે આંખમાં વસવાનું શીખવું પડશે. માનવી જે ભાર ઉપાડીને ડગલાં ભરે છે તે પ્રમાણે એને ચાલવાનું શીખવું પડશે.

હું ધીમે ધીમે સરી જતા ઈશ્વરને જોઉં છું. કદાચ આ એનો બાલિશ તરંગ જ હતો. મરણ આ બધું સાંભળીને મોઢું ફેરવી લે છે. ઈશ્વરને સરી જતો જોઈને વળી એ હસતું થાય છે. ઈશ્વર કેટલી કલુષિતતા સહી શકશે? મનોજ, અશોક, મેધા, નમિતા, ગોપી – સૌ એકબીજાંને પોતાના આગવા કલંક વડે ઓળખે છે. કલંકને ભૂષણ બનાવ્યા વગર ધારણ કરવાનું સૌથી અઘરું છે. પણ એવું જ કશુંક તો તું કરવા નહોતી ગઈ ને મૃણાલ?

૨૪

મારા પડછાયાના ભારને આધારે મારું નામ મને વળગી રહ્યું છે. મારું મરણ પણ મારા નામને ઉચ્ચારવા મથે છે. નામ સાથે જડાઈ રહેવાની રૂંધામણ કોઈ વાર અસહ્ય બની જાય છે ત્યારે કોઈ ન જાણે તેમ આછા સરખા નિ:શ્વાસની ફૂંકે હું એને ઉરાડી મૂકવા જાઉં છું. નામ કોઈ વાર હાથિયા થોરની જેમ ઊગે છે. એના કાંટાળા પંજા ખોલીને એ પોતાની જાહેરાત કરે છે. હું પંજાને મૂઠીમાં વાળી લઈ શકતો નથી.

નામને લીધે જ કેટલું બધું મને વળગતું રહ્યું છે! બાળપણમાં જે નદીમાં રોજ ડૂબકી મારી છે તેનાં ખળખળ વહેતાં પાણી કાંઈ મારું નામ નહોતાં પૂછતાં. વનમાંથી સૂસવાટા સાથે વહી આવતો પવન નામ પૂછવા જેટલુંય થંભતો નહોતો. ત્યારે તો નામનું તણખલું સરખુંય ઊગ્યું નહોતું. પછી એનો ક્યારે દાણો બંધાવા લાગ્યો તે સમજાયું નહીં. નાજુકડા બે હોઠ પરથી નાના પતંગિયા શું ઊડતું. પછી વળી કોઈએ એમાં પોતાનો લહેકો ઉમેર્યો. આમ ઘણી બધી માયાનો ભાર એ ઉપાડતું થઈ ગયું. પછી કોઈએ કહ્યું: 'ચિન્તા ન કરીશ, નાકની નથ સાથે તને સાચવી રાખીશ.' પણ કોઈ વાર અનેક તાંતણાથી લપેટાતા જતા નામને જોઈને જીવ ગભરાવા લાગ્યો. આ તાંતણા છેદવા જેટલી શક્તિ ક્યાંથી લાવીશ, એવો શાપ આપવા હું કોને ઉશ્કેરી શકીશ? આમ દિવસ જાય રાત જાય અને નામનું વજન વધે. પછી તો એ મારા પડછાયા જોડે સંતલસ કરે. હું ઉશેટું ને પડછાયો એને ઝાલી રાખે. એને ભૂલવા હું મારે હોઠે બીજું નામ રટ્યા કરું. કોઈ વાર ભગવાનનું, કોઈ વાર કોઈને ન કહેવાય એવું બીજું. પણ પછી તો એ દાઝ્યું, ઉઝરડાયું, ઘવાયું – પણ એનું એ રહ્યું. રાતે મધરાતે એકલો જાગું. કોઈ ન જુએ તેમ એને અન્ધકારમાં ઘૂંટીને એક કરી દેવા મથું. પણ પાણીમાં તેલ તરે એમ અન્ધકારમાં એ નોખું તર્યા જ કરે. કોઈ પોતાના નામમાં એને ભેળવી દે એવીય આશા એક વાર સળવળી હતી. પણ પછી તો ઘણાં વર્ષો ત્રોફેલાં છૂંદણાંની જેમ એને છાતીએ ધારણ કરીને ફર્યો. હવે મારામાં બેઠેલું મરણ એના ખોખલા સ્વરે એનું જુગુપ્સાજનક ઉચ્ચારણ કરે છે તેથી અકળાઉં છું. અસહાય બાળકની જેમ આમાંથી બચવા બોલી ઊઠું છું: 'મૃણાલ!'

૨૫

હું જોઉં છું એ ચહેરાઓ – બુદ્ધની કરુણાથી નહીં, શિવના ક્રોધથી નહીં, વિષ્ણુની ‘હું બધું સમજું છું’ એવી ખંધાઈથી નહીં. એ બધાં માનવશરીર – ઇન વેરિયસ સ્ટેઇજીસ ઓવ ડિકમ્પોઝીશન. વર્ષોથી મેદ એકઠો કરે છે. આંખો નીચે કાળાશ, વાસનાને લપલપ ચાટવા માટે અધીરા હોઠ; મન્દતેજ આંખોમાં આણેલો કૃત્રિમ ચમકારો. ગોપી હસે છે – એક સાથે અનેક ટીસ્યુ પેપર પવનમાં ખખડતા હોય તેવું. વળી પોતાનું હાસ્ય પોતામાં જ સંકેલીને મૂકી દે છે – ફરી કોઈ વાર કામમાં આવશે એવી ગણતરીથી. મેધા હસતી નથી, એ આંખોથી જોતી નથી. એનું શરીર અન્યના સ્પર્શથી જ શ્વાસ લે છે, નહીં તો જડ થઈ જાય છે. મનોજ એની સ્થૂળતામાં જ દટાતો જાય છે. એની આંખો અર્ધી દટાઈ ગઈ છે. એનો અવાજ માંસના ઢગલાને ખસેડતો હાંફતો હાંફતો બહાર આવે છે. વધારે પડતાં પાકેલા ફળની પોચટતા એનામાં છે. અશોક બધું જ સમજી શકે છતાં જાણીકરીને કશું ન કરવાના આભિજાત્યની ખુમારીને પંપાળ્યા કરે છે, એ ખુમારી કોઈ વાર એને જ ડંખે છે ત્યારે એ વાચાળ બને છે. ફાડી નાખેલા કાગળના ટુકડાઓ ઊડે તેમ એના શબ્દો ઊડી જાય છે. નમિતા પોતાને જ પોતાના ગર્ભમાં ઉછેરી રહી હોય એવી ગમ્ભીરતાથી ફરે છે. મનોજ પોતાની ધૂર્ત આંખોને ગોગલ્સથી હંમેશાં ઢાંકેલી રાખે છે, એના હોઠ હંમેશાં એ કશુંક ચાવતો હોય એમ હાલ્યા કરે છે. અશોક દૂર દૂર નજર નાખતો હોય તેમ જોયા કરે છે પણ એની આંખો છીછરી છે. ગોપી હાસ્યના છેડાથી બધું સાંધવા જાય છે, બધું એની પકડમાંથી પડી જાય છે. વળી હસીને એ બધું સાંધવા મથે છે. મેધા એની ગાઢ વન જેવી નિબિડતાવાળી કાયામાં ક્યાંક ઊંડે લપાઈ જવા મથે છે.

હું આ ચહેરાઓ જોયા કરું છું. મરણ એ જોઈને હસે છે. આ બધા વચ્ચે જ એક બીજો ચહેરો હતો, નમણું મુખ હતું – હું આ બધાં વચ્ચે બેસતો. એ દૃષ્ટિ, એ શબ્દ રોજ રોજ સંઘરતો. પછી એક દિવસ જોયું તો એ બધું ક્યાંક સરી ગયું. હું સાવ વજન વગરનો થઈને ફેંકાઈ જવા લાગ્યો. ત્યાં મરણે એનો ભાર ચાંપ્યો. આ બધું તું જાણે છે ને મૃણાલ?

૨૬

ટોળે વળેલા વિષાદનાં ઝુંડ એના કાળા ગણગણાટથી મારા કાનને ભરી દે છે. દૂરનો સમુદ્રનો આભાસ એનાથી ઢંકાઈ ગયો છે. કદાચ આ ઝુંડ મારામાં ખીલી રહેલા પેલા ઘાની ગન્ધથી જ ખેંચાઈને આવ્યાં હોય એવું લાગે છે. પહેલાં તો મારા ઘા મારાથી જ છૂપા રહેતા. રાતે કોઈ વાર એકાદ સણકો છૂપી રીતે એની જાણ મને કરી જતો. પણ હવે તો એ પૂરબહારમાં ખીલે છે. એનો આ વિસ્તાર મને સંકોચે છે. હું મારા અસ્તિત્વને એક ખૂણે સંકોચાઈને લપાઈને રહું છું, પણ મરણની લાતાલાત મને જંપવા દેતી નથી. બધું તંગ છે, એની તાણ હું અનુભવું છું. ભંગુર કહેવાતા દેહનાં બન્ધનો કેવાં હઠીલાં હોય છે! પણ હું કશીક આશાનું તરણું ચાવતો બેસી રહું છું. એનો કશો સ્વાદ નથી. પણ કેવળ પશુની જેમ જડબાં હલાવ્યે રાખવાનું જાણે અનિવાર્ય થઈ પડ્યું છે.

હવા થંભી ગઈ છે. બારી પરથી ચન્દ્રનાં પગલાં ચાલી ગયાં છે. ઝરૂખાને બીજે છેડે અશોકની સિગારેટના ધુમાડાનાં ગૂંછળાં આછાં આછાં વરતાય છે. ઓરડામાંથી કોઈ ગાનારીનો ઠુમરીનો સ્વર સંભળાય છે. એ સ્વર મુજરો ભરતો, તીરછી નજર કરતો, રિસાતો, મનાઈ જવાની રાહ જોતો, આખરે બધાં નખરાં સમેટી લઈને થંભી જાય છે. વળી નવો અનુનય શરૂ થાય છે. આ અન્ધકારમાં કોઈ નિશાચરની જેમ એ સ્વર ફર્યા કરે છે. પછી એકલા પડી જવાનું ભાન થતાં ગભરાઈને આછો બનીને કોઈક દરમાં લપાઈ જાય છે.

મેધા પાસે આવીને પૂછે: ‘સુધીર ક્યાં છે?’ પણ એ પ્રશ્ન નથી, એક રટણ છે. એ ઉત્તર શોધતી નથી. હું જોઉં છું – એની કાયામાંથી પ્રમાદની ઘેરી ગન્ધ આવે છે. વનમાં કોઈ અજાણ્યું ફૂલ એની ઘેરી વાસથી આપણને મૂંઝવી નાખે તેવું એ છે. કદાચ એ પોતે પણ એનાથી અકળાતી હશે. એ પ્રશ્ન પૂછીને સ્થિર દૃષ્ટિએ સમુદ્ર તરફ જોઈ રહે છે. એ વિષાદના ઝુંડને મારા ઘાની ગન્ધ ન આવે તેની ચિન્તામાં છું. ત્યાં મને એકાએક યાદ આવે છે. મેં મારી સામે જ ઊભેલી મૃણાલને પૂછ્યું હતું: ‘તું ક્યાં છે. મૃણાલ?’

૨૭

ચન્દ્ર ઢળી ગયો છે. અન્ધકારમાં મારો પડછાયો સંકેલાઈ ગયો છે. હવા એના સ્પર્શથી મારા શરીરની રૂપરેખા મને ઓળખાવ્યા કરે છે. હું મારા મોઢા પર હાથ ફેરવું છું. નદીઓ અને પર્વતો બતાવતા કોઈ ભૌગોલિક નકશામાં હોય છે તેવી રેખાઓનો સ્પર્શ મને થાય છે. ઊપસેલાં હાડકાં વચ્ચેના ઊંડા બનેલા ખાડાના પોલાણમાં આંગળીઓ સરી પડે છે. એ પોલાણમાંથી એ કશું લઈને બહાર આવતી નથી. લુચ્ચું મરણ હસે છે. આ પોલાણોમાં એનો પડઘો ગાજે છે. મારી આંગળીનાં ટેરવાં પર દીર્ઘ કાલના અનેક સ્પર્શોનો ઇતિહાસ વણભુંસાયેલો પડ્યો છે. એ ટેરવાંઓ વાચાળ બનીને એ બધો ઇતિહાસ ઉકેલવા જાય તે પહેલાં જ હું હાથ પાછા ખેંચી લઉં છું. પણ કોઈ અત્યન્ત નાના પંખીની જેમ મારાં ટેરવાં પાંખો ફફડાવ્યા જ કરે છે. મારા વ્યક્તિત્વની બહાર ચાલી જઈને સ્પર્શની નિકટતાના સન્ધિસ્થાને મિલનો રચવાનું કામ ટેરવાઓનું છે. હવે કેવળ પોતામાં સંકેલાઈ ગૂંચળું વળીને એ દીર્ઘ કાળથી પડી રહ્યા છે. એ ટેરવાં સ્પર્શના જે સંકેતો લાવતા તેને ઓળખનારી ચેતના મરણના ભાર નીચે કચડાઈ ગઈ છે. થોડી જ ક્ષણમાં મારા મોઢાના સ્પર્શની જે સંજ્ઞા અલપઝલપ પ્રાપ્ત થયેલી તે ભુંસાઈ જાય છે. વળી આ અન્ધકારમાં નિશ્ચિહ્ન છતાં કેવળ વજનને લીધે હોવાપણું ટકાવી રાખીને હું ઊભો રહું છું.

પ્રભાત તરફ ઢળતી રાતનો પ્રહર કંઈક હળવો બને છે. અન્ધકાર કંઈક પાતળો પડવા માંડે છે. આવે વખતે મરણનો ઉત્પાત વધી જાય છે. આવે વખતે એ જાણે રૂંધાઈને તરફડવા માંડે છે. પહેલાં તો ઘણી વાર આવી ક્ષણે જ એની જોડે યુદ્ધ માંડીને એને પરાસ્ત કરીને હાંકી કાઢવા જેટલો મારામાં ઉત્સાહ હતો પણ એના ગયા પછી એને સ્થાને જે નવું પોલાણ ઉદ્ભવે તેને ભરી દેવા જેવું મારી પાસે શું છે? એવું કશું જડ્યું નથી તેથી જ તો એ યુદ્ધ કરવાના ઉત્સાહને મેં ઢબૂરી દીધો છે. મરણ આ જાણે છે તેથી ખંધું હસે છે. પણ કોઈક વાર અકર્મણ્યતા અને નિરાશાના ભારની નીચેથી સહેજ બહાર નીકળીને હું પ્રતીક્ષાપૂર્વક મીટ માંડીને પૂછી ઊઠું છું: ‘તું મારી સભરતા ન બની શકે, મૃણાલ?’

૨૮

ઘરને રસ્તા સાથે એકાકાર થઈ જતું જોઈને હું બહાર નીકળી ગયો છું. ઘરમાં પડતાં પગલાંનો અવાજ અને રસ્તા પર પડતાં પગલાંનો અવાજ જુદો હોય છે. રસ્તા પરનાં પગલાં દિશા શોધે છે. એ પગલાંમાં લાંબે સુધી જવાની તત્પરતા હોય છે. એ પગલાંના લય અનેક પ્રકારના હોય છે. ઘરનાં પગલાં એક દીવાલથી બીજી દીવાલ સુધી જ જતાં હોય છે. બહુ બહુ તો એ ઊમરો ઓળંગે છે. બારી આગળ આવીને એ અટકે છે. એ પગલાં બીજાં પગલાંને છેદતાં નથી. કોઈ વાર એ પગલાંઓ એકબીજાને આધારે ચાલે છે. આથી એ પગલાંનો ભેગો સૂર સંગીત બની જાય છે.

પણ હવે તો ઘર પર રસ્તો ફરી વળ્યો છે. દીવાલો ખૂંધી બનીને ઝૂકી ગઈ છે. ઊમરા પર થઈને રસ્તો દોડી ગયો છે. દીવાલોના ઝૂકવા સાથે બારીઓ પણ પોતાની સીમારેખા ભૂંસી નાખીને રસ્તાની લંબાતી બે સમાન્તર રેખાઓમાં ખોવાઈ ગઈ છે. દીવાલ વચ્ચેના મૃદુ અને ગોરંભાતા અવાજો હવે રસ્તાના કોલાહલમાં નિરાશ્રિત બનીને સૌ કોઈની અડફેટે ચઢીને ક્યાંના ક્યાં ફેંકાઈ ગયા છે. અધીરાઈથી બારણું ખોલી અંદર પ્રવેશવું, બારીએ ઊભા રહી પ્રતીક્ષા કરવી, બારણું બંધ કરી એકાન્તને નિબિડ સહચારથી તસતસતું કરી નાખવું, આકાશની દખલગીરી છાપરાંથી રોકવી, સૂર્યચન્દ્રના પ્રવેશ પર નિયન્ત્રણ રાખવું – આ બધી માયામાંથી એકઝાટકે હું બહાર ફેંકાઈ ગયો છું. રેલવેના પાટાની જેમ હું ક્યાંય જતો નથી જાણે, છતાં દોડ્યા કરું છું.

આસ્ફાલ્ટના રસ્તાની નિષ્પ્રાણતા મારા પગનાં તળિયાંને પછડાયા કરે છે. મુલાયમ રેશમી ધૂળને ખોળે પગ પડતો નથી. જીભ કાઢીને હાંફતા રસ્તાઓની આંધળી દોડને હું વિવશ બનીને જોયા કરું છું. રસ્તાના વળાંક મારા મનમાં પ્રલોભન જગાડે છે. ત્યારે રખે ને હું છટકી જાઉં એવી ભીતિથી મરણ સાવધાન બનીને મને જોયા કરે છે, પેંતરો ભરીને એ બેઠું હોય છે. વળાંકો બધા જાણે મારામાં અમળાય છે, ગૂંચવાય છે. ને છતાં વળાંક આવે છે ત્યારે એ અર્ધવર્તુળને બીજે છેડે તારો આભાસ જોઈને પુછાઈ જાય છે: 'કોણ, મૃણાલ?'

૨૯

ગોપી વાચાળ છે. મારો હાથ હાથમાં લઈને એ કમ્પી ઊઠતી નથી. અનેક હાથનો એના હાથને સ્પર્શ થયેલો છે. પણ એની આંગળીઓ સાવધ છે. પરોવાઈ ગયેલી આંગળીઓને ક્યારે અળગી કરી લેવી તે એ જાણે છે. હસતાં હસતાં જ એ આ કરી શકે છે. મારો હાથ હાથમાં લઈને એ પ્રભાત પહેલાંના પાતળા અન્ધકારમાં કશુંક જોવા મથે છે. પછી મારા હાથની રેખાઓને એ આંગળીથી ઓળખવા મથતી હોય તેવો ઢોંગ કરે છે. હસતી હસતી કહે છે: ‘તારા આગલા જન્મોની વાત મને ખબર છે. તું ગણિકાના ઘરનો પોપટ હતો. જે ગણિકાના ઘરમાં આવે તેને તું કર્કશ અવાજે આવકારતો. અર્ધી આંખ બંધ કરીને તું નાચમુજરા જોતો, ઉશ્કેરાઈને પિંજરાના સળિયાને ચાંચ મારતો, કોઈ વાર નિરાશ થયેલી થાકેલી એ ગણિકા તને પિંજરાની બહાર કાઢીને એની હથેળી પર બેસાડતી, તારી જોડે વાત કરતી, આંસુ સારીને બળાપા કાઢતી. એક દિવસ ગણિકાએ પોપટને કહ્યું, ‘મારી આંખો ફોડી નાખ. તારી ચાંચ શું એટલું નહીં કરી શકે?’ પોપટે દયા લાવીને ગણિકાની આંખો ફોડી નાખી. બીજે દિવસે ગણિકાના યારે આવીને આ જોયું. પોપટ ગણિકાના ખભે જ બેઠો હતો. ગુસ્સામાં એ યારે પોપટની ડોક મરડી નાંખી. પછી બીજો અવતાર થયો. ગણિકા બની રૂપરૂપના અવતાર જેવી કન્યા અને તું બન્યો બ્રાહ્મણનો પુત્ર. બંને દૂર છતાં સપનામાં એકબીજાને દેખાય. કન્યા યુવાનોને જુએ, દૃષ્ટિમાં દૃષ્ટિ માંડે, જે શોધે તે ન જડે ને નિરાશ થાય; યુવક બધે ફરે ને શોધે. પૂર્વજન્મની પેલી ઝંખના છૂપી છૂપી પીડે છે. ત્યાં કન્યાનો લગ્નકાળ વીતી જવા લાગ્યો. વ્હાલસોયાં માતપિતાએ તેને પરણાવી. દેવકુંવર જેવો વર છે, મહેલ જેવું ઘર છે. પણ કન્યાને ચેન નથી, આ બાજુ પેલો બ્રાહ્મણ યુવક પણ પરણી ગયો છે. પેલી પૂર્વજન્મની સ્મૃતિ હજી સળવળ્યા કરે છે. એને નથી ચેન દિવસે કે નથી ચેન રાતે. બન્ને ઉન્મના થઈને જીવે છે. એક દિવસ બંને ભેગાં થઈ ગયાં, દૃષ્ટિ મળી, તાર સંધાયા. પણ આ તો કળિજુગ. સંસારની જંજાળ. બન્ધન છેદે શી રીતે? ખૂબ રહેંસાયા, અકાળે મરણશરણ થયાં. પછી વળી નવો જન્મ. આ જન્મે તો તું શોધીને પામી ગયો છે ને? કે હજી શોધ ચાલુ છે?’ હું કશું બોલતો નથી. એ એનું મોઢું મારા કાન પાસે લાવીને કહે છે: ‘નામ કહું? મૃણાલ.’

નમિતાને ઊભેલી જોઉં છું. એની પવનમાં ફરફરતી લટનો એક છેડો કોઈ ગાઢ વનમાં જઈને ભળી જાય છે. સમુદ્રના આભાસ સાથે એની દૃષ્ટિનો ચળકાટ ભળી જાય છે. એનો ઉચ્છ્વાસ કોઈ ઊંચા પર્વતના શિખરની નિર્જનતાની પ્રદક્ષિણા કરતા પવન સાથે ભળી જાય છે. એની કાયાની રેખાઓ કોઈ વાર એક વિશાળ આકાશ બનીને વિસ્તરી જાય છે. પણ આ બધું છતાં નમિતા નમિતા છે. સમુદ્ર, આકાશ અને પર્વતની ગરિમા, વિશાળતા અને નિર્જનતાથી ઘુંટાઈને એ બની છે. પણ એને ખભે હાથ મૂકીને ઊભા રહી શકાય છે. મને એવી ઇચ્છા થાય છે. મરણ મોઢું બગાડે છે. અત્યારે બધું સ્વચ્છ છે. હું કશું ડહોળી નાખવા માગતો નથી. નમિતાની રેખાઓ સ્પષ્ટ છે.

છતાં કોઈ વાર થાય છે કે આ સમુદ્ર ફોરાં જેવો આછો ઝીણો બની જાય તો? આ પર્વત પારિજાતનાં પુષ્પોના ઢગલા જેવો થઈ જાય તો? આ આકાશની વિશાળતા સંકોચાઈને એક સ્નિગ્ધ દૃષ્ટિપાતમાં સમેટાઈ જાય તો? મારું ચાલે તો નમિતાની આજુબાજુ નાની નાની ઢીંગલીઓનું ટોળું ઊભું કરી દઉં. કોઈ હસે, કોઈ નાચે, કોઈ નાની નાની આંખે જોયા કરે. કોઈ નરબંકો, કોઈ શમશેર બહાદુર – એની દૃષ્ટિ આ કુંવરોને શોધે. દડબડ ઘોડા દોડે, સાત સમુદ્ર અને સાત નદી ઓળંગીને જાય. સાત સાત અરણ્યો પણ વટાવી જાય. રાજકુંવરો આવી પહોંચે. ઘોડાને મોઢે ધોળાં ધોળાં ફીણ. રાજકુંવર મૂછે તાવ દેતા ઊતરે. પછી તો મદ ઝરતા હાથીઓ ડોલે, અપ્સરાઓ નૃત્ય કરે, કિન્નરો ગાય, વિદ્યાધરો વાદ્ય વગાડે. નમિતાની આંખો હરખથી નાચી ઊઠે.

પણ નમિતાની દૃષ્ટિ સ્થિર છે. એના પર મારા પડછાયાની છાયા પણ હું પડવા દેતો નથી. પણ નમિતા જો બોલે, નમિતાના હાથ જો ચંચળ બને, લંબાય, નમિતા જો હસે – હું અનેક આશાઓથી ચંચળ બની ઊઠું છું. મારા હાથ સળવળે છે. મારી આંખો ઊડું ઊડું રહી છે અને ઘણું વારું છું તોય હોઠ તો બોલી જ દે છે: 'મૃણાલ!'

૩૧

એકાએક વસ્તુની નક્કર અપારદર્શકતા ઓગળતી જાય છે, રહી જાય છે, માત્ર ન્યૂનતમ અસ્તિત્વની રૂપરેખા.

કેવળ હું મારામાં ગંઠાઈ ગયેલા મૃત્યુના ભાસને લઈ ઊભો છું. આ રૂપરેખા વ્યક્તિત્વના આગવાપણાને ભૂંસી નાખે છે. વૃક્ષ તે વૃક્ષ છે, માનવી તે માનવી છે. નદી થોડી દોડતી રેખાઓ છે. આકારો બધા અબરખના પડ જેવા પાતળા અને બરડ બની જાય છે. પતંગના કાગળ જેવો પવન હાલ્યા કરે છે. પૃથ્વીના બધા જન્મો દૃષ્ટિ આગળ ખુલ્લા પડી જાય છે. ધાતુ, જળ અને ખડકો જ્યાંથી છૂટાં પડે છે તે બિન્દુ પણ દેખાય છે. સમયના થર પણ હળવા બનીને ફરફરે છે. ધરતીકમ્પોનો ઇતિહાસ રેખાઓમાં અંકાઈ જાય છે.

ભૌમિતિક આકારોની એ ભુલભુલામણીમાં વિહાર કરવાને હું મરણને લલચાવું છું, પણ એ એની નક્કરતાને ખોવા તૈયાર નથી. મારેય એની સાથે જડાઈ રહેવું પડે છે. રેખાઓની થંભી ગયેલી ગતિનો નકશો હું જોઈ રહું છું. ઈશ્વરના સંચારનાં પગલાં પણ અહીં ઉકેલી શકાય છે. સૂર્યચન્દ્રનાં બે ટપકાંને હવે કોઈ નાનું બાળક રમતમાં અહીંથી તહીં ખસેડી શકે એમ છે. રેખાઓનું આ જંગલ જોતાં એમાંથી કોઈ ભાતને ઉપસાવવાનું અળવીતરું મારું મન કરવા તૈયાર થઈ જાય છે. પણ ઈશ્વરનો અદૃશ્ય તર્જનીસંકેત એને મના કરે છે.

કદાચ રાત્રિનો શેષ પ્રહર પ્રભાતના પ્રથમ પ્રહરને મળે છે ત્યારે હંમેશાં સૃષ્ટિ એના આ આદિ સૂક્ષ્મ રૂપમાં સરી જતી હશે. માનવો, પ્રેતો અને દેવો થોડી ક્ષણને માટે એકબીજામાં ભળી જતી રેખાઓ બની રહેતા હશે. વાતાવરણના પારદર્શક આવરણ નીચે આ બધું ઢંકાઈને રહ્યું છે.

જો આ વાતાવરણને ચીરીને ફેંકી દઉં તો એનું રક્ષણ જતું રહેતાં આ બધી રેખાઓ રજ રજ થઈને ઊડી જાય, એ જોઈને હાંફળોફાંફળો ઈશ્વર એ બધું એકઠું કરવા દોડાદોડ કરી મૂકે, પહેલી વાર એને કપાળે ચિન્તાની રેખા પડે, પછી શંકરનું ડમરું ફરી બજી ઊઠે, એની આજુબાજુ થોડા અશરીરી અવાજો એકઠા થાય, એની લંબાયેલી શ્રુતિઓ

થોડી રેખાઓને એકઠી કરે, એમાંથી વળી આકાર ઊપસવા માંડે, અને પહેલો આકાર જોઈને હું બોલી ઊઠું: 'મૃણાલ?'

૩૨

મારો આ દેહ પ્રાક્તન સ્મૃતિને ઉકેલી બેઠો છે. ઈશ્વરની અણકેળવાયેલી આંગળીની અસ્થિરતા ફરી દેહને ચંચળ કરી મૂકે છે. આદિકાળના એ ભેજ અને તેનું નિબિડ મિલન ફરીથી મારા દેહમાં ઘનીભૂત થઈ ઊઠે છે. શિશુ જેવી પૃથ્વીના આનન્દચિત્કાર જેવી ઝૂમતી આદિ અરણ્યોની શાખાઓ મારા દેહને હિંચોળી રહી છે. દેહને ખૂણે ખૂણે આ અરણ્યના પશુઓની ત્રાડ ગાજી ઊઠે છે. આખાય અંગને આકાશ તરફ ફંગોળતાં પર્વતોની એ ઉદ્ધત ઉત્તુંગતા મારા લોહીને ઉછાળે છે. નદીઓનાં કૌમાર્યને ભેદતા સમુદ્રનો કામાવેગ મારામાં છલકાઈ ઊઠે છે. ઓગણપચાસ મરુતો, અગ્નિ, વરુણ, પર્જન્ય – મારી કાયાના વિહારક્ષેત્રમાં એક સાથે વિહરી રહ્યાં છે. શરીરના કોષમાં ધાતુઓનું પ્રથમ સ્મિત ચમકી રહ્યું છે. સૂર્યના પ્રથમ સ્પર્શની ઉત્તપ્તતાનું ઘેન મારા દેહને ઉન્મત્ત કરી મૂકે છે. ચન્દ્રની માયાનો જુવાળ એને ભીંજવીને તરબોળ કરી મૂકે છે. એક સાથે કેટલાય વિદ્યાધરો કિન્નરો ગન્ધર્વોનાં નૃત્યસંગીત મારી શિરાઓમાં રણકી ઊઠે છે. યુદ્ધોની સ્મશાનભૂમિઓનો સૂનો હાહાકાર મારા કાનમાં ગાજી ઊઠે છે. વિશ્રમ્ભે કોઈ કુંજમાં વનદેવતાની છત્રછાયા હેઠળ કરેલો પ્રથમ ભીરુ પ્રણયનો ચકિત દૃષ્ટિપાત મારી આંખોમાં ચમકી ઊઠે છે. ગરુડની પાંખો મારા શરીરને ફૂટે છે. ઘડીભર એ ઊંડા કૂવાને તળિયે શીતળતા માણતું શાન્તિ અનુભવે છે, તો બીજી જ ક્ષણે એ વિશાળ મેદાનો પર થઈને વાતી લૂના જેવો ઉષ્ણ નિ:શ્વાસ નાખે છે. મારા હાથ અનેક વાર જોડાયેલા હાથની સ્મૃતિને યાદ કરીને ઉત્સુક થઈ ઊઠે છે. મહાનગરોના રાજમાર્ગો, રેલવે પ્લૅટફૉર્મ, ઉદ્યાનો, સૂની શેરીઓ, ઝૂકેલા ઝરૂખાઓ, મીટ માંડી રહેલી બારીઓ – આ બધું વંટોળની જેમ ફરવા લાગે છે. એના વટાળે ચઢીને મરણ પણ ચકાકારે ઘૂમવા લાગે છે. બધું ધૂંધળું બની જાય છે. શરીરની સીમાઓ પણ જાણે ઊડું ઊડું થઈ રહે છે. ફરી જાણે આદિકાળના એ શૂન્યાવકાશમાં એકાકાર થઈ જવાની આશા બંધાય છે. ત્યાં એક હાથનો સ્પર્શ થતાં બધું એક ક્ષણમાં શમી જાય છે. દેહ વર્તમાનમાં આવીને સ્થિર થાય છે. ફરી હોઠ એનું રટણ શરૂ કરે છે: 'મૃણાલ.'

૩૩

લુપ્ત થઈ ગયેલા કોઈ પ્રાચીન નગરના ખણ્ડિત પ્રવેશદ્વારની જેમ હું ઊભો છું. વર્તમાનના વ્યવહારથી હું છેટે છું. મારી કમાનો નીચેથી કોઈ પસાર થતું નથી. પાયદળ, હયદળ, હસ્તિદળના પડઘાઓ શમી ગયા છે. મારી બાજુમાં થઈને જ સંસાર ચાલ્યો જાય છે. ઇતિહાસ પોતે જૂની પોથીનાં પાનાંની જેમ ઊડી ગયો છે. હું બધું જોઉં છું. પવન મારી શૂન્યતાની બખોલમાં ભરાઈને ટિખ્ખળ કરે છે. સૂર્યે મારી રતાશને ભોંઠી પાડી દીધી છે. વરસાદનાં ટીપાં મારી ખરતી કાંકરીઓને ગણતા જાય છે. મારો પડછાયો પણ કોઈ લેતું નથી. મારી ભંગુરતા બધાંને ગભરાવે છે. અસ્ત વૈભવનો આ ઉદ્‌ગાર કોઈને કાને પડતો નથી.

હોવા છતાં ન હોવાની આ સ્થિતિ જ મને અહીં દાટી રાખે છે. કાળનાં આંગળાંની છાપ ઉકેલવા વળી ક્યારેક કોઈ આવી ચઢે છે. થોડાં રાજારાણીનાં નામ ઉચ્ચારાય છે. સરકસનો હાથી કોઈ વાર પાસેથી પસાર થાય છે તો હું ભ્રમણામાં સરી જાઉં છું. રાતે બધું સૂમસામ થઈ ગયું હોય છે ત્યારે દૂરનાં બીજાં ખંડિયેરમાં વસતાં પ્રેતનો હૂહૂકાર મારામાં વસતા થોડાક પડઘાઓને ઢંઢોળે છે. ઉનાળાની બપોરે મૃગજળની છોળ છલકાવા માંડે છે ત્યારે હું મૃગજળ પર ઝૂલવા લાગું છું. પણ મૃગજળ મને ડુબાડી દઈ શકતું નથી. અન્ધકારમાં પણ મારી રેખાઓ ભૂંસાતી નથી. નમિતાની અન્યમનસ્ક દૃષ્ટિ ઘડીભર પારેવાંની જેમ મારો આધાર શોધે છે. હું નિમિત્ત છું. લક્ષ્ય નથી; સાક્ષી છું, સહભાગી નથી.

કોઈ વાર કાળ હાંફતો હાંફતો અહીં ઘૂંટણ વાળીને બેસી જાય છે. એની સ્વગતોક્તિના મારા પોલાણમાં પડઘા પડે છે. એને મરણ કાન માંડીને સાંભળે છે. મધરાતે એ વીતી ગયેલો સમય જીવતો થઈ ઊઠે છે. હાથીની અંબાડી પર બેસીને રાજા જાય છે, પાછળ હોય છે એની રૂપમતી રાણી, નર્તકીઓનાં ઝાંઝર રણકી ઊઠે છે, તબલાની થાપ સંભળાય છે. અનેક પદરવ હું સાંભળું છું. એમાંથી એક પદરવને હું નોખો પાડવા મથી રહું છું. એકાએક હૃદય ધડકવા માંડે છે. એ સાવ નિકટ આવે છે. હું બોલી ઊઠું છું: ‘થોભી જાને, મૃણાલ?’

૩૪

પ્રકટ થનારા દિવસનો ભાર અત્યારથી જ વાતાવરણમાં તોળાઈ રહ્યો છે. વૃક્ષોનાં મૂળ ઊંડે ઊંડે એથી કંપે છે. ફૂલની કળીની અણી પણ એ ભાર ઝીલી રહી છે. મારામાં બેઠેલા મરણના ખભા પણ એના ભારથી ઝૂકી ગયા છે. ઝરૂખા પર ઝૂકીને એ ભાર ઊભો છે. ઝરૂખાને બીજે છેડે નમિતા પણ કદાચ મારી જેમ આ ભારને ઝીલતી ઊભી છે. એ ભાર નીચે ચંપાઈને અન્ધકાર પાતળો પડતો જાય છે. પંખીના ચહચહાટની ટશરો અત્યારથી હવામાં ફૂટતી લાગે છે. દૂરના સમુદ્રની સપાટી આ ભારથી વળી જતી લાગે છે.

પ્રભાત વેળાએ જ ઈશ્વરનો ઘા ખુલ્લો પડી જાય છે. એની રતાશને એ ઢાંકી શકતો નથી. સૂર્ય એનાં કિરણોની અણી એના પર ઘસતો હોય છે. પ્રભાતની વાયુલહરીમાં ઈશ્વરના નિ:શ્વાસની ભીનાશ હોય છે. એના ભારથી તૃણદલ ઝૂકી જાય છે. પણ ઈશ્વર પાસે ઝાઝાં આંસુ નથી, આથી સવારનો સૂર્ય નીચો નમીને બધું ઝાકળ એકઠું કરીને ઈશ્વરને પાછું સોંપી દે છે. કોઈ વાર કોઈ ફૂલની પાંખડીઓ વચ્ચે ઈશ્વરનું એકાદ આંસુ સંતાઈ ગયું હોય છે. મન્દિરના ઘણ્ટના પોલાણમાં ઈશ્વરની વેદના રણકી ઊઠવા ઇચ્છે છે. પવન આ ઘાની વેદનાની ચાડી ખાતો ન ફરે માટે ઈશ્વર એને પટાવે ફોસલાવે છે. એનો અવાજ પણ આ ક્ષણોમાં સંભળાતો હોય છે.

દુ:સ્વપ્નોની ભૂતાવળ આ વેળાએ ચોરપગલે લપાતીછૂપાતી ચાલી જતી હોય છે. બંધ બારણાંની તિરાડમાંથી હળવે પગલે લોકોની નિદ્રા સરી જવા માંડે છે. આ પ્રહરે મારામાં બેઠેલો સ્મરણોનો અજગર સહેજ હાલે છે. એની નિષ્પલક આંખો સહેજ ખૂલે છે. કદાચ એ પોતાનો ભાર હળવો કરવા ઇચ્છે છે, પણ લુચ્ચું મરણ એની ઝીણી આંખે એના પર ચોકી ભરે છે.

અન્ધકાર આછો થતાં બધા રંગનાં મુખ ખીલવા માંડે છે, છતાં કેટલાક રંગના પર નિ:શ્વાસની ઝાંખપ છે, કેટલાક રંગ આંસુથી ભુંસાયેલા છે. એ તો સૂર્યસ્પર્શ થયા પછી જ નેપથ્યમાંથી બહાર આવશે. ફૂલોની બંધ પાંખડીઓ વચ્ચે સૂર્યનું ઇજન ફોરી રહ્યું છે. પવન કાન માંડીને એને સાંભળી રહ્યો છે.

પણ નમિતા, તું જે બેત્રણ શબ્દો બોલી શકી હોત તે શા માટે ન બોલી? હવે તો શાન્તિ પોતાની સળ સંકેલી લઈને પગલાં ઉપાડવાની તૈયારીમાં છે. માનવીઓના કોલાહલ વચ્ચે તારા એ નાજુક શબ્દો બહાર નીકળશે નહીં. હવે તારા હોઠ એ વણઉચ્ચારાયેલા શબ્દોના ભારથી બીડાઈ જશે. એથી જ તો રાત્રિના શેષ પ્રહરે હું પણ હિંમત કરીને હોઠ ખોલીને બોલી દઉં છું: 'મૃણાલ.'

૩૫

પ્રભાત વેળાનો પાતળો થતો જતો નિદ્રાનો પ્રવાહ અન્ધકારમાં ભળીને ધીમે ધીમે ઓસરવા લાગ્યો છે.

સુધીર હમણાં જ આવ્યો લાગે છે. એ મેધાને ઢંઢોળે છે. મેધા જાણે કેટલાય જન્મો જેટલે દૂર નીકળી ગઈ છે. એ પાછી ફરવાનો પ્રયત્ન કરે છે, પણ સુધીર અધીરાઈથી એને બાહુપાશમાં લઈને ભીંસે છે. સુધીરના અંગ સાથે જકડાયેલી ઉત્તપ્ત ઉચ્છિષ્ટ હવાનો સ્પર્શ મેધાને અકળાવે છે. એ ઊંડે ઊંડે કોઈ અતલ સંજ્ઞાહીનતામાં સરી જવા ઇચ્છે છે. હું પણ ઘણી વાર એવી જ સંજ્ઞાહીનતાના પ્રલોભનમાં ખેંચાયો છું, પણ છેક ડૂબી જવાની અણી પર હોઉં છું ત્યારે જ મરણ હડસેલો મારીને મને સપાટી પર લાવી દે છે. ફરીથી સૃષ્ટિ શરૂ થાય છે. આદિકાળનાં એ અરણ્યોનાં પ્રવેશદ્વાર આગળ હું ઊભો રહું છું. સરિસૃપોનાં ટોળાંને પસાર થતાં જોઉં છું. બધું નિ:શબ્દ છે, ગતિ નથી પણ ગતિનું અસ્થિપિંજર છે. ધ્વનિ નથી, એની વિલાઈ જતી રેખામાત્ર છે. પર્વતનાં ઊંચાં શિખરોની અણી પર તોળાઈ રહેલા અવકાશની નીરવ ચીસથી બધું હાલી ઊઠે છે. મારા હાથ જળની જેમ સરવા લાગે છે. આંખો આકાશની નિ:સીમતામાં ઊડી જાય છે. પગ કોઈ શતાબ્દીજૂના વૃક્ષનાં મૂળ સાથે વીંટળાઈ જાય છે. હૃદય એની બખોલમાં એકલું બેસી રહે છે. ત્યાં કોઈ મસમોટા પંખીના રાતા નહોર એ બખોલને ખોતરે છે. હૃદય ફફડી ઊઠે છે. એ નહોરની તીક્ષ્ણતા સામે ટકી રહેવાય નહીં તેની ખબર છે. પંખી એની ચાંચ ઘસે છે. એની ગોળ આંખો ફરે છે. એની પાંખોની ઝાપટ વાગે છે. હૃદય સંકોચાઈને કેવળ શૂન્ય જેવું રહી જાય છે. પંખીના પ્રચણ્ડ પડછાયા નીચે એ થરથરે છે. બખોલનું આવરણ ચિરાઈ જાય છે. ચાંચની પકડમાં ચંપાયેલા હૃદયને લઈને પંખી ઊડે છે. શતાબ્દીઓનાં અરણ્યોમાં થઈને એ ઊડ્યું જાય છે, કદાચ હવે મારામાં હૃદય ધબકતું નથી, જે છે તે પેલા પંખીની પાંખોનો જ અવાજ છે. કોઈ વાર એ અવાજ આછો થાય છે. જાણે એની ચાંચની તીક્ષ્ણ પકડ ઢીલી પડે છે, ત્યારે આશા બંધાય છે. આંખ નિ:સીમતાને પોતાનામાં સમેટી લઈને પાછી આવે છે. મારાં બે ચરણ કોઈ નવો લય શીખીને પાછા આવે છે. મારા હાથ કોઈ નવા સ્પર્શથી રોમાંચિત થઈને પાછા આવે છે. ત્યારે ફરીથી વાણી પ્રકટે છે, એનું પહેલું ઉચ્ચારણ છે: મૃણાલ.

૩૬

સામેની વાંસની જાળ પવનમાં હાલે છે. એના પડછાયાની ભાત ભીંત પર અંકાઈ જાય છે. એ કોઈ જાપાની ચિત્રકારના ચિત્ર જેવી લાગે છે. કોણ જાણે શાથી હું એને સહી નથી શકતો. પણ એને ભીંત પરથી શી રીતે ભૂંસી નાખી શકાય? એ પીળા વાંસમાં પીળા પટેદાર વાઘનાં ટોળાં છે. એમાં ક્યાંક ઊંધો લટકતો અજગર છે. એમાં ક્યાંક મારું બાળપણ ભેરવાઈ ગયેલું છે. એની આજુબાજુ આછાં લીલાશ પડતાં જળવાળી નદી છે. પાસે પંખીઓનું ટોળું છે. એ વાંસની શિરાઓમાં ચંચળ અગ્નિની આંખો લપકારા મારે છે. વાંસ ડોલે છે. આખું વન જાણે ચાલી નીકળ્યું છે. હમણાં જ જાણે શહેરની ઊંચી મહોલાતને વીંધીને વાંસ ઊગી નીકળશે. નવજાત શિશુની આંખમાંથી વાંસના અંકુર ફૂટશે. રસ્તાઓ વાંસમાં ખોવાઈ જશે. જોઉં છું તો મારા મરણ પર વાંસ ભેગા થઈને ચાલવા માંડ્યા છે. એ બે ચરણ વચ્ચેની બખોલમાં એક અંધારી ગુફા છે. એ ગુફામાં ક્યાંકથી થોડું થોડું જળ ઝરપે છે. એ ઝરપતા જળને કોઈ જીભ કાઢીને ગળી જાય છે. એ ગુફામાં હજારો વર્ષોથી તપ કરતો કોઈ જોગી બેઠો છે. હજારો વર્ષોથી એની ધૂણી ધખે છે. એ જોગી એની જટામાં અદૃશ્ય થઈને રહે છે. પણ એનો અગ્નિ મને ઉન્મત્ત કરી મૂકે છે. એને હોલવવાને કોઈ કૂવો હજી જડ્યો નથી. આ ટીપે ટીપે ઝરપતું જળ કાંઈ પૂરતું નથી. એનું ટીપુંય મને તો ક્યાં ખપમાં આવે છે! આ અગ્નિ, આ જટાનો વિસ્તાર, આ ગુફા અને એનો અન્ધકાર – આ બધું લઈને પેલા વાંસવનનો વાંસ બનીને હું ચાલું છું. કયાંક નદી સાથ છોડી દે છે, ક્યાંક સમય પણ. કોઈ મહાદેવના મન્દિરના ઘણ્ટમાં રણકતો સંભળાતો નથી. પણ વન ચાલે છે, શહેરો વન બને છે, માનવી વૃક્ષ બને છે, મારી વચ્ચે કેટલીય કેડીઓ અલોપ થઈ જાય છે. સવારના આછા કૂણા અન્ધકારમાં વાસને અંકુર ફૂટે છે ને મને શૂળ ઊપડે છે. એ શૂળથી વીંધાઈને હું નિ:શ્વાસ નાખું છું. એ નિ:શ્વાસથી વાંસનાં પાંદડાં હાલી ઊઠે છે ને તરત જ હજારો પંખીઓનું ટોળું પાંખ ફફડાવીને ક્યાંક ઊડી જાય છે. એ પાંખોનો જ દૂર સાગર બની જાય છે. એ પાંખોનું હાલવું દૂરથી મોજાંના ઉછાળા જેવું લાગે છે. એના ઊછળવાના લયમાં હું ડોલું છું. મારામાં રહેલું સૂકું મરણ આ ડોલવાથી ખખડે છે. મારા શ્વાસમાં હું એનો આ ખખડાટ સાંભળું છું. એ મારા કાનમાં વાગે છે. આથી હું ભીંત પરની વાંસની ભાતને ભૂંસી નાખવા ઇચ્છું છું, ગભરાઈ ઊઠેલા ભીરુ શ્વાસની પાંખો બીડીને, આંખો બીડીને શાન્ત કરી દેવા ઇચ્છું છું પણ પેલું વાંસવન ચાલ્યા જ કરે છે, પેલાં પંખીઓ ઊડ્યાં જ

કરે છે, મરણ ખખડ્યા જ કરે છે. હું ગભરાઈને ચીસ પાડવા જાઉં છું. શતાબ્દીઓના પોલાણ વચ્ચે એ ચીસ બોદી, ખવાઈ ગયેલા શબ્દના ખોખા જેવી પડી રહે છે. એમાંથી કીડીઓની હાર બહાર નીકળવા માંડે છે. એ હારને હું લંબાતી જોઈ રહું છું. કદાચ એને બીજે છેડે સૂર્ય હશે એવો ભાસ થાય છે.

૩૭

નમિતા, તું આંખો બીડીશ નહીં. મારી જેમ ઉન્નિદ્ર અને નિષ્પલક જ રહેજે. તને ખબર છે આંખો બંધ કરતાંની સાથે કેટકેટલાં દુ:સ્વપ્નો આપણામાં ભરાઈ જાય છે? પછી તો તારી આ સુકોમળ કાયા ભૂતાવળની ચિચિયારીથી ભરેલું અરણ્ય બની રહેશે. એ અરણ્યને કોઈ ભૂગોળ રહેશે નહીં, એની બધી જ ભૂમિ અક્ષુણ્ણ રહેશે. કેવળ અન્ધકારનાં શાખાપત્ર જ એમાં વધ્યે જશે. પછી એમાં નહીં ઊગે સૂર્ય કે નહીં ઊગે ચન્દ્ર. શ્વાસ ભૂવાની ડાકલી જેવા લાગશે. પ્રેમ તો પ્રેતની જેમ દર શોધતો સંતાતો ફરશે. તેં સાચવી રાખેલાં બે મીઠાં સ્મરણો વૃક્ષોથી ઘેરાયેલી કોઈ અષ્ટકોણી વાવના ઊંડાણમાં ઓગળતાં જશે. નમિતા, તું બે પાંપણોને મળવા દઈશ નહીં. સૂર્યને પાંપણને કિનારે ઝીલવો પડે તો ઝીલજે, ચન્દ્રશૂળથી આંખો વીંધાય તો વીંધાવા દેજે, પવનની છેતરામણી આંગળીઓ એને ફોસલાવે તો સાવધ રહેજે. તારી આંખ ખુલ્લી હશે તો કોઈ દિવસ તું દૃશ્ય અદૃશ્યને ભેગાં કરી શકીશ.

૩૮

હાશ, હવે આ લોકો ઊંઘના સડેલા ઉકરડા નીચે ધરબાઈ ગયા લાગે છે. એ ઉકરડામાં ક્યાંક શરાબનાં ખાબોચિયાં છે; ક્યાંકથી સિગારેટનાં ઠૂંઠાંઓ ધુમાયા કરે છે. એમાં કાટ ખાઈ ગયેલાં પતરાંના જેવા અવાજો રહી રહીને ખખડ્યા કરે છે. એમાં બેચાર કીડાઓ નારીના સાથળ પર સરકતા કામુકના હાથની જેમ સરક્યા કરે છે. પવન થોડાંક રંગીન કાગળ જેવાં સ્વપ્નો જોડે ગેલ કરે છે. કોઈ આસુરી માતાના ગર્ભ જેવા આ ઉકરડામાં પણ રહીરહીને કશાંક સ્ફુરણો થયાં કરે છે. કોઈ દૈત્યશિશુ અધૂરે મહિને જન્મવાની ઉતાવળમાં ગર્ભમાં લાતાલાત કરી રહ્યું છે. દુ:સ્વપ્નોના અંકુરો ફૂટી રહ્યા છે. ભીના કાગળ જેવી લદબદ વાસનાઓનો ઢગલો ક્યાંક પડ્યો પડ્યો ગંધાયા કરે છે. સ્મશાનની રાખ જેવા થોડા સ્પર્શની કચ્ચરો અહીંતહીં વેરાયેલી છે. કોઈક વાર એના છીછરા ઊંડાણમાંથી એક નિ:શબ્દ ચીસ ઉપર આવવા મથી રહી છે. કીડીઓની હાર કણ કણ કરીને એનાં મરણને એકઠું કરે છે. અકાળે ઉઘાડો પડી ગયેલો અન્ધકાર જલદી જલદી ઓઠું શોધીને એની પાછળ લપાઈ જાય છે. વચ્ચે વચ્ચે ક્યાંક ભૂલા પડેલા બેચાર નિર્દોષ શબ્દોની પાંખોને કોઈ આંધળું જન્તુ અવળસવળ ફેરવી રહ્યું છે. ઉબાઈ ઊઠેલા ભેજથી અભડાયેલી હવા કોઈ બ્રાહ્મણ વિધવાની જેમ અંગ સંકોરીને સરી રહી છે. કોઈક વાર એમાં બેચાર આંખો સજીવન થઈને જરા જોઈ લેવા મથે છે, પણ એનો પલકારો થાય ન થાય તે પહેલાં તો તળિયે કુંડાળું વળીને બેઠેલો નાગ એની ઝેરી ફૂંકથી એ આંખોને અન્ધ કરી નાખે છે. આ ઊંઘનો છેડો પાતાળને જઈને અડતો નથી. એટલે સદાને માટે લુપ્ત થઈ જવાની કોઈ આશા નથી. સૂર્ય એને બાળતો નથી, જળ એને સ્પર્શતું નથી. કોઈ આદિમ અષ્ટાવક્ર પશુની ઊપસેલી ખાંધના જેવા આ ઊંઘના ઉકરડામાં હવે આ લોકો ધરબાઈ ગયા છે.

૩૯

હું મરણને લલચાવું છું: ચાલ, આપણે વધસ્તમ્ભ પર ચઢી જઈએ. મારી સાથે તું પણ પૂજનીય બની જઈશ. ચાલ, આપણે અગ્નિશય્યા પર પોઢી જઈએ, મારી સાથે તુંય તારી નિષ્પલક પાંપણોને બંધ કરી શકીશ. ચાલ, આપણે પુરાણ કાળના કોઈ વિસ્મૃત મહાલયની જેમ દટાઈ જઈએ. મારી જેમ તુંય અદૃશ્ય બની જઈ શકીશ. ચાલ, આપણે પતંગિયાં બનીને પવનમાં લુપ્ત થઈ જઈએ, મારી જેમ તુંય અશરીરી બની જઈશ, પણ આ સાંભળીને ખંધું મરણ હસ્યા કરે છે. એના હસવાના કર્કશ અવાજથી રખેને નમિતા ચોંકી ઊઠે એ ભયથી હું એ અવાજને મારામાં સંગોપી દેવા ઇચ્છું છું, પણ આંધળાં ચામાચીડિયાંની જેમ એ મારી અંદર ગોળાકારે ફર્યા જ કરે છે. મરણને મારામાં ઉછેરવાનો આ પરિશ્રમ અસહ્ય થઈ ઊઠે છે. પણ એ ભારને ઓગાળે એવો કોઈનો સાચો ક્રોધ પણ હું પામ્યો નથી. નકલી નાણાંના કાટ ખાઈ ગયેલા સિક્કા જેવા ઉછીના લીધેલા પ્રેમના બે શબ્દો હજી પૂરતા ઝેરી નથી બની શક્યા. કોઈ વાસનાએ પણ વિકરાળ પશુના જેવી ઉગ્ર હિંસકતા કેળવી નથી. આથી દાંત અને નહોર વગરના આંધળા રાક્ષસ જેવો હું મારા વંધ્ય રોષથી મરણને પંપાળી રહ્યો છું. ઉગ્ર શાપ વહોરી લેવા જેવું કોઈ પાપ પણ હુ ઉછેરી શક્યો નથી. મારી સામાન્યતાને ખોળે આ સામાન્ય મરણ ઊછરી રહ્યું છે. એના ઠૂંઠા હાથના પર આંગળીઓના ટશિયા ફૂટવાનો અણસાર વરતાય છે. એની નિષ્પલક આંખોમાંની રતાશનો ભડકો હવે વધતો લાગે છે. એનો ફુત્કાર હવે મારી લાગણીનાં વનોને કરમાવતો જાય છે. પ્રાચીન ખણ્ડેરમાં ઉંદર અને ઘુવડની જેમ અમે એકબીજાથી લપાઈને રહેવા મથી રહ્યાં છીએ. પણ હમણાં જ સળગી ઊઠશે કે શું એવા લાગતા ફોસ્ફરસ જેવી એની આંખોએ મને શોધી કાઢ્યો છે તે હું જાણું છું. માટે હું એને લલચાવું છું, ફોસલાવું છું. પણ –

૪૦

ઈશ્વરના મનમાંથી કોઈ ઘનીભૂત શંકાના જેવી તોળાઈ રહેલી આ રાત ધીમેધીમે ઝાકળના લઘુક ચરણે ચાલવા માંડે તે પહેલાં, મૃણાલ, મારે તને મારામાં વસતા એક પડછાયાને તારામાં ઉછેરવા આપવો છે. એ દાન માટેનું આ જ ઉત્તમ મુહૂર્ત છે. અંધારથી લિપ્ત આ પ્રકાશમાં તું કેવળ મને એક આકૃતિ રૂપે જ જોઈ શકશે, વ્યક્તિરૂપે નહીં. હું પણ તારી આંખોના રહસ્યને જોઈ શકીશ નહીં, તું કદાચ જાણતી નથી, પણ પડછાયો ઉછેરી શકાય છે. પણ એને હૃદયની જોડાજોડ રાખશે તો જ એ ઊછરશે. આ સંસારમાં જીવીને મેં જાણ્યું છે કે અહીં વ્યક્ત થવા કરતાં લુપ્ત થવાની જ મોટી આવશ્યકતા હોય છે. આ પડછાયાની ઓથે તારું જે ગુહ્ય હશે તે વધુ ગુહ્ય બનશે. એની શીળી છાયામાં તારા માનીતા બેચાર શબ્દોને તું નિશ્ચિન્ત બનીને મૂકી દઈ શકીશ. એકાદ નામ પણ કદાચ તને એવું પ્રાપ્ત થયું હોય જેને હોઠ પર લાવવાનું સુધ્ધાં સાહસ તારે કરવું ન હોય તો તું એને સાહેલાઈથી એ પડછાયામાં સંગોપી દેજે. તારા આંસુની અંત:સ્રોતા ફલ્ગુને કાંઠે આ પડછાયાની ઘટા વિસ્તરશે તો વિષાદનો ચહેરો પણ ખીલી ઊઠશે. અને તું તો જાણે જ છે કે પડછાયાને જળ ભૂંસી શકતું નથી. એ પડછાયો અવળો નથી, સવળો નથી; માનીતો નથી, અણમાનીતો નથી. એ પડછાયો કોઈની આકૃતિની ચાડી ખાતો નથી. તારા એકાન્ત પર એ એની ઘટા વિસ્તારશે. એને તારી પાછળ પાછળ ફરવાની ટેવ પાડી નથી. તું એને સાવ ભૂલી જશે તો એ દયામણે મોઢે તારા તરફ જોઈ નહીં રહે. તું જાતે જ કોઈ વાર એ પડછાયાને આવેશથી ચૂમીને ગુલાબોનું વન ઊભું કરી દેવા લલચાઈ જશે, પણ એ પડછાયો તો નિ:સંગ છે, તટસ્થ છે. તારાં અણગમતાં વર્ષો એને સોંપી દેજે, એ વર્ષો પડછાયા ભેગા પડછાયારૂપ થઈ જશે. એ પડછાયાનો કશો ભાર નથી, એ શીતળ છે પણ એમાં આંસુનો ભેજ નથી. આમ તો એ સૂર્યપુષ્પની જ એક ખરી ગયેલી પાંખડી છે, પણ એ કણ કણ થઈને વેરાઈ નહીં જાય. એ તારા હૃદય પાસે રહેશે, પણ એને એ ઢાંકી નહીં દે. તારા ઉઘાડા પડી જતા સ્મિતને માટે એ તને ગમે એવું આછું આવરણ બની રહેશે. મૃણાલ, એ પડછાયો આછો થઈને નષ્ટ થઈ જાય તે પહેલાં હું તને એ આપી દેવા ઇચ્છું છું. સમુદ્રનાં મોજાં ઊછળીને પાછાં પોતાનાં જ જળને જુએ છે તેમ તું કેવળ તને જ જુએ છે તે હું જાણું છું. પણ આ પડછાયો તારી દૃષ્ટિની આડે નહીં આવે. તું એને ઉછેરશે તો કદાચ ધીમે ધીમે

તને એ વહાલો લાગશે, પણ એ તારા તારી જ પ્રત્યેના પ્રેમનું માત્ર નિમિત્ત બનશે, કારણ કે પડછાયાના બાહુપાશમાં તો કોઈ જકડાતું નથી.

૪૧

કોઈ વાર શ્વાસના સીમાડા જ્યાં પૂરા થાય છે તેની પેલી પારનું જગત મારી આંખો સામે તરવરવા લાગે છે. ત્યાં હજી ઉદ્ભિજનો પણ જન્મ થયો નથી. સૂર્યચન્દ્ર હજી જન્મ વેળાની ઓરમાં વીંટળાયેલા છે. મરણ પૃથ્વી પર ઊડતી રજકણમાં વેરાયેલું છે. હજી એનો આકાર બંધાયેલો નથી. દુસ્સાહસથી બોલાઈ ગયેલા શબ્દને સંકેલી લેવા જેમ હોઠ જલદી બીડાઈ જાય તેમ પ્રકટ થઈ ચૂકેલા સમુદ્રને એના કાંઠાઓ પોતાની વચ્ચે બીડી દેવા ઇચ્છે છે. પૃથ્વીને જળનો હજી એનો ઘનિષ્ઠ સંસ્પર્શ થયો નથી. યૌવનને ન ઓળખવાને કારણે એના ઉદ્ગમને ઢાંકવા ન શીખેલી કન્યાની જેમ એ ફેરફુદરડી ફરે છે. પવન હજી બોલતાં શીખ્યો નથી. સમુદ્ર પાસે હજી એ માંડ થોડા સ્વર કે ઉદ્ગાર જ શીખ્યો છે. પર્વતો સાથે અથડાઈને એ થોડા વ્યંજનો શીખ્યો છે. પર્વતો પણ પોતાની ઉત્તુંગતાને વિસ્મયથી જોતા ઊભા રહી ગયા છે. સમય એક કુંવારી અપરિમેયતા માત્ર છે. પથ્થરોના મુખ પરથી હજી નક્ષત્રની આભા પૂરેપૂરી ભુંસાઈ ગઈ નથી. ક્યાંક ક્યાંક શિશુની કાલી કાલી વાણીના જેવા તારાઓ છેક ક્ષિતિજ સુધી ઝૂકીને પૃથ્વીને કાનમાં કશુંક કહ્યા કરે છે, પણ એ કશા મર્મ વિનાની વાણી છે, એ કેવલ શ્રવણસુખ માટે છે. શતાબ્દીઓના પડેલા વિશાળ ચક્રાકાર દીર્ઘ ભ્રમણપથને પૃથ્વીએ હજી જોયા પણ નથી. હજી વિમાસણમાં પડવાની કે અકારણ મૂંઝાવાની પણ એની વય થઈ નથી. સ્વપ્નોનેય એણે છૂપાં રાખ્યાં નથી. એ તો ઝરણાં બનીને દોડી ગયાં છે.

પણ મૃણાલ, એ તો ક્ષણભરનો મોક્ષ. ફરી પાછો હજારો યુદ્ધોના રક્તકર્દમને ખૂંદતો હું આ તરફ ચાલ્યો આવું છું. કેટલાય ખણ્ડિત રાજપ્રાસાદોના બોખા ગવાક્ષોમાંથી હું ચાલ્યો આવું છું. ત્યાં હવે કોઈ રૂપમતીનાં વેણ રણકતાં નથી. હજારો વિકલાંગ દેવદેવીઓના ભંગાર વચ્ચે થઈને હું ચાલ્યો આવું છું. આશીર્વાદ આપવાને તત્પર દેવના હાથની પાંચ આંગળીઓ પણ હું ભેગી કરી શક્યો નથી. મહાનગરોમાં વિષના ફુવારા ઊડે છે, ચીસોનાં વન ઊગી નીકળ્યાં છે. ઈશ્વરના હાહાકાર જેવાં છાયાહીન વૃક્ષો ઊભાં છે. તાવથી ધગધગતા કપાળ પર મૂકેલાં પોતાંના જેવો સમુદ્ર છે. થાકીને પડી ગયેલા કોઈ વૃદ્ધ પંખીના જેવો ચન્દ્ર સરોવરના જળમાં ઝિલાઈ રહ્યો છે. તેજાબમાં બોળેલા ખોટા સિક્કા જેવો સૂર્ય તગતગી રહ્યો છે. મૂગા માણસના કણ્ઠમાંની અનુચ્ચારિત વાણી જેવા અસંખ્ય માનવીઓની ભીડ વચ્ચેથી હું ચાલ્યો આવું છું.

વિષાદના ભોંયરાની ભીનાશ શોધતો મારો જીવ કશીક આશાથી તારી આગળ આવીને અટકી જાય છે.

૪૨

મારા જ મેરુદણ્ડના યૂપ સાથે મને બાંધી દીધો છે. કોઈ ધૂણતા ભૂવાની જેમ પવન મારી ચારે બાજુ ઘૂમે છે. સમય રાતી કીડીની હાર જેવો એના એક એક લાલ ચટકા સાથે મારું થોડું થોડું માંસ વધેરતો જાય છે. સમયે પાડેલા છેદમાં મધમાખીઓ એનું થોડું થોડું મધ ભરતી જાય છે. મારે અંગે એના દંશનો નિર્ધૂમ અગ્નિ પ્રગટી ઊઠે છે. પૂર્વમાં કોઈ વિરાટકાય કૂકડાની ચાંચમાંથી ટપકતાં રુધિરનાં ટીપાંની જેમ પ્રભાત ટપકે છે. સૂર્યચન્દ્રને ભેગા કરીને કોઈ કાંસા વગાડે છે. નદીનાં જળ એકસૂરીલો મંત્ર જપ્યા કરે છે. પાસેના પીપળાના વૃક્ષમાં સંતાઈને કોઈ ડાકલી બજાવે છે. થોડી જ વારમાં કોણ જાણે ક્યાંથી કેટલી બધી અશરીરી છાયાઓનું ટોળું બહાર આવીને ચક્રાકારે ફરવા માંડે છે. મારી અંદર બેઠેલું મરણ એના ઠૂંઠા હાથથી તાળી પાડવા મથે છે. જેને મારો ભોગ ધરવાનો છે તે દેવની કે અસુરની પ્રતીક્ષામાં સૌ કોઈ છે. હું મારી ચેતનાને સંજ્ઞાહીનતાના સીમાડા સુધી ખેંચીને લઈ જાઉં છું. ત્યાં કોઈકનો વિરાટકાય પડછાયો બધું ઢાંકી દે છે. એનાં ચાલતાં ચરણના પડછંદા પર્વતે પર્વતે પડઘા પાડે છે. એકીશ્વાસે મન્ત્ર રટીને જળ હવે હાંફી ગયું છે. મારી આંખોની બખોલમાંથી ભયનાં ધણ બહાર નીકળીને ભાગવા માંડ્યાં છે. ટીપેટીપે ટપકતું પ્રભાત બધે રેલાઈ ગયું નથી. આથી પેલો વિરાટકાય પડછાયો હજી બધે પ્રસરેલો છે. થોડી વાર રહીને પવન એની હજાર જીભે મારા છેદમાંનું મધ ચાટવા માંડે છે. એની સાથે જ મારી કાયા અસ્થિપિંજરથી અળગી થઈને ઊડી જશે એવી મને આશા બંધાય છે. પણ એકાએક પેલો વિરાટકાય પડછાયો કોઈ પ્રચણ્ડ જટાયુનું રૂપ ધારણ કરીને વધુ નજીક સરી આવે છે. એની પાંખની ઝાપટથી મારા શ્વાસ ઊડું ઊડું થાય છે, પણ તરત જ પાછા પટકાઈને પડે છે. એ જટાયુની સ્થિર આંખોમાં મને મારા વિષાદનું પ્રતિબિમ્બ દેખાય છે. મારો ભય ઓસરી જાય છે. ઘડીભર એની ચાંચ દ્વિધામાં પડે છે, પણ પછી તરત જ એના નહોર વડે એ મને સમેટીને ઊંચકી લે છે અને એ ઊડે છે, ઊડે છે, ઊડે છે...

૪૩

આ ઘરનો પડછાયો જ ઘરને ગળી ગયો છે. આ ક્ષણ જ અનિશ્ચિતતાની છે. દૃષ્ટિ એક ડગલું આગળ વધતાંની સાથે જ અનિશ્ચિતતા જોડે અથડાઈને ઊભી રહી જાય છે. વૃક્ષોનો આભાસ થીજી ગયેલા ફુવારા જેવો લાગે છે. કેશરાશિને પવનમાં વિખરાયેલા રાખીને ઊભેલી નમિતા કોઈ વૃક્ષ જેવી લાગે છે. એના કેશનાં શાખાપલ્લવ વિસ્તરે છે. એ વૃક્ષનું ફળ ક્યાંક ઢંકાયેલું છે. એ વૃક્ષ પરનાં કાળાં ફૂલના ગુચ્છા મારી ચારે બાજુ મહેકી ઊઠે છે. દૂરનો સમુદ્રનો આભાસ કોઈ માયાવી જવનિકા જેવો લાગે છે. એ ખૂલશે ત્યારે કોણ જાણે કેવુંય વિશ્વ એની પાછળથી પ્રકટ થશે! ચન્દ્ર કોઈ દન્તહીન વૃદ્ધ દેવના મુખમાંથી ગબડી ગયેલા ખણ્ડિત વ્યંજનના જેવો લાગે છે. સમયની આ ક્ષણે આખી સૃષ્ટિ ‘હા’ અને ‘ના’ની નિશ્ચિતતાના સીમાડાથી દૂર સરી ગયેલી લાગે છે. જળમાં પૃથ્વીની અપારદર્શક ઘનતા છે, પૃથ્વીમાં આકાશની અવાસ્તવિકતા છે. પવનમાં કોઈના આલુલાયિત કેશની સાન્દ્ર સઘનતા છે. તારાઓ અર્ધા ભુંસાઈ ગયેલાં વિરામચિહ્નો જેવા અહીંતહીં વેરાયેલા છે. અર્ધપ્રકટ ઈશ્વર પણ ક્યાંક, જૂઈની કળીની આડશે, ખોળિયું બદલતો હશે એવો ભાસ થાય છે.

આ અનિશ્ચિતતામાં જ કદાચ, મૃણાલ, તારાં આંસુનો કણ્ઠ ખૂલી જાય અને તને પણ અજાણ્યા એવા ઉલ્લાસનું ગીત રણકી ઊઠે. આવી જ અનિશ્ચિતતામાં કદાચ તારો તિરસ્કાર પ્રેમને રૂપે ખીલી ઊઠે. આવી અનિશ્ચિતતામાં આપણા અર્ધા ભુંસાઈ ગયેલા ચહેરાઓ પાછળ ઢંકાઈ ગયેલાં આપણાં નામને કોઈક અન્ધ શોધતો ફરે. આવી અનિશ્ચિતતામાં જ મરણ પાસે દિશાભૂલ કરાવીને એને અવળે મોઢે હાંકી કાઢી શકાય. આવી જ અનિશ્ચિતતામાં જ કદાચ – પણ આ ‘કદાચ’ના તૂટેલા કટકાઓ મારી જીભમાં ખૂંપી જાય છે.

આ ક્ષણે મૌનને વૃદ્ધ વડનાં મૂળિયાંઓમાં સીંચી દઈએ, સમુદ્રકાંઠેની છીપલીઓમાં થોડા બોલાઈ ગયેલા શબ્દોને ફરીથી પૂરી દેઈએ, હજી પવન ફાંસીએ ચઢેલાના શબ જેવો અધ્ધર લટકી રહ્યો છે. ત્યાં સુધીમાં આ અનિશ્ચિતતાનું જે કરવું હોય તે કરી લઈએ.

૪૪

પ્રભાતનો પ્રકાશ પ્રકટે તે પહેલાં ક્યાંકથી મને કશી છાલક વાગે છે. હું ઓગળતો જાઉં છું, રેલાતો જાઉં છું, વ્યાપતો જાઉં છું. પૃથ્વીના અન્તરંગમાં પ્રવેશું છું. ધાતુઓના કૂણા શૈશવને જોઉં છું. કેવળ પ્રથમ બુદ્‌બુદરૂપે આરંભાયેલા જ્વાળામુખીનું શિશુમુખ જોઉં છું. ધરતીના ઉદરમાંના આછા સ્ફુરણ જેવા ધરતીકમ્પને જોઉં છું. ઊંડાણમાં રહેલા સૂર્યથી અસ્પૃષ્ટ અન્ધ જળને જોઉં છું. ધરતીમાં પોષણ માટે લઘુક શિશુના લંબાવેલા હાથ જેવા અસંખ્ય મૂળને જોઉં છું. એ અન્ધ વિશાળતામાં વ્યાપી રહેલો એક ઉત્તમ ઉચ્છ્વાસ મને સ્પર્શે છે. મારી આંખ પૃથ્વીના પેટાળમાં દટાયેલાંઓનાં અસંખ્ય અસ્થિપિંજરોનાં અડાબીડ અરણ્યોમાં અટવાઈ જાય છે. સૂર્યમણ્ડલમાંથી છૂટી પડેલી પૃથ્વીના હૃદયની વેદના મને ક્યાંક હાડ ઠારી નાખે એવી રીતે સ્પર્શી જાય છે. કૂણું અંકુર પૃથ્વીના પડને અળગું કરીને માથું ઊંચું કરે તેની સાથે હું ફરી ઉપર આવું છું. મારી પાછળ એક આછો નિઃશ્વાસ છે. જાણે કોઈ મારી વિદાય લઈ રહ્યું છે. મરુતને ખભે બેસીને હું ઉપર ચઢું છું, ઊડું છું. નિદ્રાના અન્તિમ અંશને લઈને અંતરીક્ષના રાજહંસ ઉપર ઊડી જાય છે. એની પાંખ મારા શ્વાસને અથડાય છે અને એમાંનાં થોડાં સ્વપ્નો નીચે વેરાઈ જાય છે. નિદ્રાનો ધોળો અપારદર્શક રંગ મને ઘેરી વળે છે. પણ એક વાદળના અભ્યન્તરમાં સૂર્યનો અંગુલિસ્પર્શ છે. એનાથી દાઝવાની બીકે હું દૂર ભાગું છું. મને ઉષાના પ્રથમ સ્મિતની કિનાર સ્પર્શી જાય છે. હજી એમાં સૂર્યાસ્તની ઝાંય વરતાય છે. મારી અદૃશ્યતા પર વાદળનું આચ્છાદન ઢંકાઈ જાય છે. એની પેલે પાર કદાચ યક્ષકિન્નરો અને ગન્ધર્વો હશે. કદાચ અન્ધકારનું કૃષ્ણવર્ણ વિરાટકાય પંખી પાંખ સંકેલીને બેઠું હશે. અદૃશ્યતાને બીજી અદૃશ્યતાઓ અથડાય છે. મારે હોઠે એક નામ આવે છે. ને તરત જ એ તારાનો ચમકાર બનીને ચમકવા લાગે છે. જન્મ લેતા સમયની પ્રસવવેદનાનો ચિત્કાર મારે કાને પડે છે.

એની પેલે પાર જ કદાચ હશે સ્વર્ગની અટપટી ભૂગોળ, દેવદેવીઓનાં ઝુંડ, નરકના નકશા. એની થોડી રેખાઓને જોઉં છું. ક્યાંક તેજાબના ભડકા જેવો અગ્નિ દેખાય છે. પછી છે નર્યો આસમાની અવકાશ. એમાં થઈને હું કોઈ ખરતા તારાની જેમ સર્યે જાઉં છું. અહીં પણ નરી નિઃશબ્દતા નથી. અવકાશમાં ક્યાંક કણસવાનો નિઃશ્વાસ છે. સૃષ્ટિના આરમ્ભ પહેલાંની કોઈ વેદના હજી ત્યાં મોક્ષ પામ્યા વિના ભમ્યા કરે છે. મરણ

ક્યાંક રજકણની જેમ મારામાંથી ફેંકાઈ ગયું છે. ધીમે ધીમે કશીક દ્યુતિને લહેરાતી જોઉં છું. એમાંથી એક આકૃતિની રેખાઓ દેખાય છે: ‘કોણ? મૃણાલ? ઈશ્વર? કે શૂન્યનો બુદ્બદ?’

૪૫

અજાણ્યા ગામની અજાણી તળાવડીના કમળ પર પહેલું ઝાકળનું બિન્દુ ટપક્યું છે. શહેરની ઉન્નિદ્ર અધબીડી આંખ ખૂલી છે. ચોક વચ્ચે ઊભેલો એક વૃદ્ધ કબૂતરોને ચણ નાખે છે. થાકેલી પ્રૌઢ વેશ્યા ઝરૂખામાંથી પાછી વળે છે. ક્યાંકથી દિવસની પ્રથમ પાળીની ઘોષણા કરતી મિલની સાયરન ચિત્કારી ઊઠે છે. કારાવાસના કેદીઓ હારબંધ કામે જઈ રહ્યા છે. હોસ્પિટલમાં મરણપથારીએ પડેલા દર્દીએ વધુ એક દિવસની યાતના વેઠવા માટે આંખ ખોલી છે. પ્રસૂતિગૃહમાં એક શિશુનું જન્મસમયનું ક્રન્દન ગાજી ઊઠ્યું છે. શહેરના રસ્તાઓ ફરીથી ચરણ તળે ચંપાવા લાગ્યા છે. શેરીના દીવાઓ હોલવાવાનું ભૂલી જઈને સૂર્યના પ્રકાશમાં નફફટાઈથી આછું હસી રહ્યા છે. બસસ્ટોપ પર યુવકયુવતીનો પ્રેમાલાપ તૂટક તૂટક ચાલી રહ્યો છે. વડ પર ટિંગાયેલાં વડવાગોળાંને કાગડાઓ હેરાન કરી રહ્યા છે. દોડતી ટ્રક નીચે કચડાયેલા અજાણ્યા શખ્સની વીગતો છાપાનો ખબરપત્રી એકઠી કરી રહ્યો છે. નેતા દિવસનું પ્રથમ પ્રવચન કરવા નગરગૃહ ભણી ધસી રહ્યા છે. નિશાળિયાઓને ભરીને સ્કૂલબસ ઉતાવળે જઈ રહી છે. આમલીના ઝાડ નીચે ઘરડી ભિખારણ ભીખમાં ઈશ્વરે ફેંકેલા વધુ એક દિવસને ચગળતી બેઠી છે. દુર્ગન્ધી રાસાયણિક દ્રવ્યોથી ગંધાતી મેલી નદી મોઢું સંતાડતી વહી રહી છે. એમાં શહેર પોતાનું ગંદું મોઢું જોઈને બીભત્સ હસે છે. બાગમાં ભૂલા પડેલા વાંસની જાળમાં ઉદ્યમી કરોળિયો નિષ્પલક નેત્રે બેઠો છે. શહેર વચ્ચેના અવાવરુ કૂવામાં એક લાશ પોલીસની રાહ જોતી તરી રહી છે. વધેરેલાં પશુ જેવાં ફળ દુકાનમાં લટકી રહ્યાં છે. નામનો બુરખો ઓઢીને માનવીઓ ફરીથી નીકળી પડ્યા છે. બે આંધળાઓ એકબીજાનો હાથ ઝાલીને જઈ રહ્યા છે. કોઈક પુરાણીએ લાઉડસ્પીકર પર ભગવાનનો પ્રચાર શરૂ કરી દીધો છે. ઊંચા મહેલના ગોખમાં બેઠેલા ઘુવડની ઊંઘ રહી રહીને ઊડી જાય છે. સૂર્યે બધા ઉકરડાઓને અજવાળી દીધા છે. ગાડીઓમાં અને વિમાનોમાં લોકો ભાગી રહ્યા છે. એમની પાછળ રેડિયો એક્ટિવ રજ દોડી રહી છે. તળાવડીમાંના કમળ પર ઝિલાયેલું ઝાકળનું બિન્દુ જળમાં સરી પડે છે. એક બુદ્‌બુદ થઈને શમી જાય છે.